GJDH010030292025

સત્યમેવ જયતે

રજુ તારીખ : ૧૨.૧૧.૨૦૨૫
દાખલ તારીખ : ૧૨.૧૧.૨૦૨૫
ફેંસલ તારીખ : ૧૪.૦૭.૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ
૦૦ ૦૮ ૦૨

આંક–

## ફોર્મ–''એ''

**દાહોદની સ્પેશ્યલ (પોકસો) કોર્ટ અને ચોથા એડીશ્નલ સેશન્સ કોર્ટ, મુ.દાહોદ**

ચુકાદાની તારીખ:૧૪.૦૭.૨૦૨૬

**સ્પે.કેસ (પોકસો) નં.૬૩/૨૦૨૫**

ઝાલોદ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૮૨૧૦૩૦૨૫૧૪૨૮/૨૦૨૫

| | |
|---|---|
| ફરીયાદી | **શ્રી સરકાર**<br>(ફરીયાદી : ભોગ બનનારના દાદી) |
| ફરીયાદ પક્ષે તરફે | **વિ.એ.પી.પી.શ્રી જે.આર.લાલપુરવાલા** |
| આરોપી | **સુરેશભાઇ ઉર્ફે લાલાભાઇ બાબુભાઇ ભેદી**<br>રહે.હિરોલા, તળાવ ફળીયુ,તા.સંજેલી,જી.દાહોદ |
| આરોપી પક્ષ તરફે | **વિ.વ.શ્રી એસ.વી.મલેક** |

## ફોર્મ–''બી''

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૧.૧૦.૨૦૨૫ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૦૩.૧૦.૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૧૨.૧૧.૨૦૨૫ |
| તહોમતનામું ઘડયાની તારીખ | ૦૨.૧૨.૨૦૨૫ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૩૦.૧૨.૨૦૨૫ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ | ૧૪.૦૭.૨૦૨૬ |

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૧૪.૦૭.૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઇ હોય તો | ૧૪.૦૭.૨૦૨૬ |

## આરોપીની વિગત

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર છુટયાની તારીખ | ગુનોનો આરોપ મુકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | CRPC કલમ ૪૨૮ /BNSS કલમ ૪૬૮ મુજબ કસ્ટડી માં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુરેશભાઇ ઉર્ફે લાલાભાઇ બાબુભાઇ ભેદી | ૦૫.૧૦.૨૫ | – | બી.એન.એસ. કલમ– ૬૪(૧), ૬૫(૧), ૧૩૭(૨), ૧૧૫(૨), ૩૫૧(૩), તથા પોકસો એકટની કલમ– ૪,૬ મુજબ | દોષિત | હા | UTP તા.૦૫.૧૦.૨૫ થી તા.૧૪.૦૭.૨૬ |

## –:: ચુકાદો ::–

(નામદાર સુપ્રિમ કોર્ટનાં ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત અને કાયદાની જોગવાઇને લક્ષમાં રાખી સદરહું ચુકાદામાં ભોગ બનનારનાં નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને તેના નામની જગ્યાએ "**ભોગ બનનાર**" તરીકે ઉલ્લેખ કરેલ છે.)

**ગુનોઃ -** **<u>ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ- ૬૪(૧),૬૫(૧), ૧૩૭(૨),૧૧૫(૨),૩૫૧(૩) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૪, ૬ મુજબનો.</u>**

**૧.** આ કામના આરોપી સામે ઝાલોદ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૮૨૧૦૩૦૨૫ ૧૪૨૮/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ (જેને હવે પછી ટુંકમાં "બી.એન.એસ." તરીકે સંબોધેલ છે) ની કલમ-૬૪(૧), ૬૫(૧),૧૩૭(૨),૧૧૫(૨),૩૫૧(૩) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ-૨૦૧૨ (જેને હવે પછી ટુંકમાં "પોક્સો" તરીકે સંબોધેલ છે) ની કલમ-૪,૬ મુજબના ગુના નોંધાયેલ છે.

**<u>ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકતઃ-</u>**

**૨.** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત જોઇએ તો ફરીયાદી/ ભોગ બનનારના દાદીએ તા.૦૩.૧૦.૨૦૨૫ ના રોજ એવી ફરીયાદ હકીકત જાહેર કરેલ છે કે, તે પરીવાર સાથે રહે છે અને ઘરકામ કરે છે. તેને સંતાનમાં ત્રણ છોકરા તથા ત્રણ છોકરીઓ છે, જે તમામના લગ્ન થઇ ગયેલ છે. જેમા બીજા નંબરના છોકરાને સંતાનમાં બે છોકરા તથા બે છોકરીઓ છે, જેમાં સૌથી નાની ભોગ બનનાર છે જેની ઉ.વ.૧૨ વર્ષ ૧૧ માસ (જન્મ તારીખ ૧૮.૧૦.૨૦૧૨) છે જે ધોરણ-૦૬ માં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરે છે. તેમનો છોકરો xxxx છેલ્લા દસેક દિવસથી સુરત ખાતે મજુરી કામે ગયેલ હતો અને ઘરે તે તથા તેમના વહુ એમ હતા. તેઓ અભણ છે. ગઇ તા.૦૧.૧૦.૨૦૨૫ ના રોજ તેઓ તથા તેમની વહુ અને તેના બે બાળકો ઘરે હતા તેવામાં સવારના આશરે અગીયારેક વાગ્યાના અરસામા ભોગ બનનાર તથા તેમના છોકરાની છોકરી તથા છોકરીનો છોકરો એ રીતેના ગાય તથા બકરા ચરાવવા સારૂ ગામની સીમમાં આવેલ પાનવા બાજુ ગયેલ હતા અને બપોરના આશરે ત્રણેક વાગ્યાના અરસામાં ભોગ બનનાર રડતી રડતી ઘરે આવેલ જેથી તેમણે તથા તેમની વહુએ પૂંછતા વાત કરેલ કે, તેણી બકરા અને ગાયો પાનવે મુકી બપોરના આશરે બે વાગ્યાના અરસામાં ઘરે જમવા આવતી હતી તેવામાં રોડના વળાંકમાં આપણા ગામનો

સુરેશભાઈ ઉર્ફે લાલા બાબુભાઈ ભેદી નાનો મોટર સાયકલ લઈને રોડની બાજુમાં ઉભો હતો અને રોડની નજીક આવેલ ખેતરમાં ત્રણ બૈરા મકાઈ વાઢતા હતા તેમની સાથે વાતો કરતો હતો, તેવામાં રોડના વળાંકમાં આવતા ભોગ બનનારને આ ત્રણ બૈરાએ જોયેલ, તેમાથી એક બૈરાએ બુમ મારીને કહેલ કે છોકરી સુરેશભાઈ સાથે તું પાણીનું કેરબુ લઈને હેડપંપથી પીવાનું પાણી ભરી લઈ આવો તેમ કહેલ અને સુરેશભાઈએ મોટર સાયકલ ચાલુ કરેલ અને ભોગ બનનાર પાણીનું કેરબુ લઈને સુરેશભાઈની પાછળ મોટર સાયકલ ઉપર બેસેલ અને આગળ થોડે દૂર મંદિર નજીક આવેલ હેડપંપ ઉપરથી કેરબામાં પીવાનું પાણી ભરી લઈ ભોગ બનનાર તથા સુરેશભાઈ રોડની ઉપર પાછા આવતાં મકાઈ કાપતા બૈરાઓમાંથી એક બેરૂ રોડ ઉપર આવેલ અને ભોગ બનનાર પાસેનું પીવાનું પાણી ભરેલ કેરબું લઈને ખેતરમાં જતી રહેલ, તેવામાં ભોગ બનનારને સુરેશભાઈએ પુછેલ કે તું કોની છોકરી છે? તેમ પૂંછતા ભોગ બનનારે xxxx ની છોકરી છું તેમ કહેતાં, સુરેશભાઈએ કહેલ કે હું તારા બાપાને ઓળખું છું અને તુ મારી મોટર સાયકલ ઉપર બેસી જા, તારા ઘરે છોડી દઈશ તેમ કહેતા ભોગ બનનાર મોટર સાયકલ ઉપર બેસી ગયેલ અને સુરેશભાઈએ મોટર સાયકલ ચલાવી થોડે દુર લઈને ગયેલ અને મોટર માયકલ ઉભી રાખી ભોગ બનનારને નીચે ઉતારેલ અને સુરેશભાઈ ઉતરીને કુવાવાળા મકાઈના ખેતરમાં ગયેલ અને થોડે દુર જઈ પાછો ભોગ બનનાર પાસે આવીને કહેલ કે પથ્થર ઉંચકવાનો છે તું મારી સાથે ચાલ તેમ કહેતા ભોગ બનનારે તેની સાથે જવાની ના પાડતા તેણે ભોગ બનનારને જબરજસ્તીથી રોડ ઉપરથી હાથે પકડી ખેંચીને થોડે આગળ લઈ જઈ ભોગ બનનારને ઉંચકીને કુવાવાળા ખેતરના કોતર બાજુ લઈ ગયેલ અને એકદમ ભોગ બનનારના બંને હાથ પકડી પાડી ભોગ બનનારને કહેલ કે બુમ પાડીશ તો મારી નાંખીશ તેમ કહી નીચે પાડી દઈ ભોગ બનનારનું મોઢુ દબાવી રાખી ભોગ બનનારની લેગીસ કાઢી નાંખી

ખરાબ કામ (દુષ્કર્મ) કરેલ છે તેવી વાત તેઓને કરેલ અને તેઓએ ભોગ બનનારના શરીરે પહેરેલ ટોપ ઉંચું કરી જોતા તેના ક્રમરના તેમજ બરડાના ભાગે છોલાઇ ગયેલ હતુ. જેથી બનાવ બાબતે ફળીયામાં રહેતા દલાભાઇને વાત કરી તેઓને તથા તેમના પુત્રને સાથે લઇ કુવાવાળા ખેતરમાં ગયેલા અને જોયેલ તો મકાઇના વાવેતર વાળા ખેતરની બાજુમાં કોતરના પાણીના વહેણની બાજુમાં ઘાસ આડુ પડેલ જણાયેલ હતુ અને તે પછી રોડ ઉપર વળાંકમાં આવી ખેતરમાં બહેનો હોય તેઓને તેમની છોકરીને કોની મોટર સાયકલ ઉપર બેસાડેલ તેમ પુછતાં તેઓએ જણાવેલ કે, હીરોલા ગામના સુરેશભાઇની મોટર સાયકલ ઉપર બેસાડેલ અને પાણી ભરવા મોકલેલ તેમ વાત કરેલ જેથી તેઓને ભોગ બનનાર સાથે બનેલની વાત કરેલ અને ત્યારબાદ ઘરે આવેલ. રાતનો સમય થયેલ હોય અને તેમનો છોકરો સુરત ખાતે મજુરીએ હોય રાતના ઉંઘી ગયેલા અને ત્યારબાદ તેમના છોકરાને બનાવની વાત કરી ઘરે આવવા જણાવેલુ અને ત્યારબાદ ૧૧૨ ગાડીમાં બેસી ઝાલોદ થી સંજેલી આવી કાયદેસરની તપાસ થવા ફરીયાદ આપેલ છે.

3. ફરીયાદને આધારે ઝાલોદ પોલીસ સ્ટેશનના પી.આઇ.એ ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લઇ, ફરીયાદ મુજબનો ગુના દાખલ કરી, ગુનાની તપાસ, તપાસ કરનાર અમલદારને સોંપતા, તપાસ કરનાર અમલદારે તપાસના કામે ભોગ બનનારની ઉંમર સંબંધે જરૂરી આધાર પુરાવાઓ મેળવી, તપાસના કામે સામેલ રાખેલ, તપાસના કામે લાગતા વળગતા સાહેદોના વિગતવારના નિવેદનો લીધેલ, પંચો રૂબરૂ ભોગ બનનારે તથા આરોપીએ બતાવેલ દુષ્કર્મવાળી જગ્યાના પંચનામા કરેલ તેમજ આરોપી તથા ભોગ બનનારે બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યા અંગેના પંચનામાં કરેલ તેમજ આરોપી તથા ભોગ બનનારની મેડીકલ તપાસ કરાવવા અંગેની જરૂરી યાદીઓ કરી, તેઓની મેડીકલ તપાસ

અંગેના જરૂરી પ્રમાણપત્રો મેળવી તપાસના કામે સામેલ રાખેલ, મેડીકલ ઓફિસરશ્રીએ આરોપી તથા ભોગ બનનારની મેડીકલ તપાસ દરમ્યાન આરોપી તથા ભોગ બનનારના જૈવિક નમુના એફ.એસ.એલ.માં પરિક્ષણ અર્થે લીધેલ, જે નમૂના તથા મુદામાલ કપડા એફ.એસ.એલ.માં પરિક્ષણ અર્થે રવાનગી પત્રક સાથે મોકલી આપેલ, તે પણ તપાસના કામે સામેલ રાખેલ, તેમજ ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન લીધેલ, તે તમામ કેસ પેપર્સ સાથે સામેલ રાખી તપાસના અંતે આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો હોઈ, બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૧ મુજબ ખાસ અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ. જે સ્પે. પોકસો કેસ નં.૬૩/૨૦૨૫ થી નોંધાયેલ છે.

**૪.** આ કામે આરોપી તરફે વિ.વ.શ્રી એસ.વી.મલેક હાજર થતા આરોપીને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૦૪ થી તા.૦૨.૧૨.૨૦૨૫ ના રોજ અત્રેની અદાલત ધ્વારા આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૬૪(૧),૬૫(૧),૧૩૭(૨),૧૧૫(૨),૩૫૧(૩) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૪,૬ મુજબના ગુનાઓ અંગેનું તહોમતનામું ફરમાવી આંક–૦૫ થી પ્લી રેકર્ડ કરેલ, જેમા આરોપીએ તેમની સામેનાં આક્ષેપિત ગુનાઓનો સ્પષ્ટ ઈન્કાર કરતા, ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

## <u>ફોર્મ–''સી''</u>

**૫.** આરોપી વિરૂધ્ધ આંક–૦૪ થી ફરમાવવામાં આવેલા તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

## (એ) ફરીયાદ પક્ષે મૌખિક પુરાવો :–

| ક્રમ નંબર | સાહેદ નંબર | આંક | નામ | વિગત |
|---|---|---|---|---|
| **મુખ્ય સાહેદો** | | | | |
| ૧ | ૧ | ૦૬ | ભોગ બનનારના દાદી | ફરીયાદી |
| ૨ | ૨ | ૧૦ | ભોગ બનનારના પિતા | સાહેદ |
| ૩ | ૩ | ૧૧ | ભોગ બનનારની માતા | સાહેદ |
| ૪ | ૪ | ૧૩ | ભોગ બનનાર | સાહેદ |
| **અન્ય સાહેદો** | | | | |
| ૫ | ૫ | ૧૫ | કવિતાબેન અલ્કેશભાઇ ડામોર | સાહેદ |
| ૬ | ૬ | ૧૬ | રૂમાલીબેન રમેશભાઇ ડામોર | સાહેદ |
| ૭ | ૧૧ | ૪૮ | મનીષાબેન ગંગાભાઇ બીલવાળ | તલાટી કમ મંત્રી |
| ૮ | ૧૨ | ૫૨ | મહેશભાઇ કમજીભાઇ ચારેલ | આચાર્ય |
| **પંચ સાહેદો** | | | | |
| ૯ | ૭ | ૧૭ | કૌશિકભાઇ સુરમલભાઇ ભાભોર | પંચ |
| ૧૦ | ૮ | ૨૭ | નિલેશભાઇ બાબુભાઇ બારીયા | પંચ |
| ૧૧ | ૯ | ૩૦ | અમરસીંગ ધીરાભાઇ ડામોર | પંચ |
| **તબીબી સાહેદો** | | | | |
| ૧૨ | ૧૦ | ૩૧ | નિરવકુમાર આનંદસિંહ ડામોર | મેડીકલ ઓફીસર |
| **પોલીસ સાહેદો** | | | | |
| ૧૩ | ૧૩ | ૫૭ | રવિકુમાર જમુભાઇ ગામીત | પી.આઇ. |
| ૧૪ | ૧૪ | ૫૯ | ગૌરવકુમાર જીવણભાઇ ગામીત | ત.ક. અમલદાર |

**(બી) બચાવ પક્ષે તરફે :–**

| સાહેદ નંબર | નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | કોઈ સાહેદ તપાસેલા નથી. | – | – |

**(સી)અદાલત ધ્વારા :–**

| સાહેદ નંબર | નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | કોઈ સાહેદ તપાસેલા નથી. | – | – |

**(એ) ફરીયાદ પક્ષ તરફે દસ્તાવેજી પુરાવો**

| ક્રમ નંબર | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૭ | ફરીયાદ |
| ૨ | ૧૪ | ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન |
| ૩ | ૧૮ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૪ | ૧૯ | ભોગ બનનારના કપડા કબજે કર્યાનું પંચનામુ |
| ૫ | ૨૦ થી ૨૨ | ભોગ બનનારના કપડા સાથે રજુ થયેલ પંચ કાપલીઓ નંગ–૩ |
| ૬ | ૨૩ | આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામુ |
| ૭ | ૨૪ થી ૨૬ | આરોપીના કપડા સાથે રજુ થયેલ પંચ કાપલીઓ નંગ–૩ |
| ૮ | ૨૮ | મોટર સાયકલ કબજે કર્યાનું પંચનામુ |
| ૯ | ૨૯ | આરોપીએ બતાવેલ દુષ્કર્મવાળી જગ્યાનું પંચનામુ |
| ૧૦ | ૩૨ | ભોગ બનનારની મેડીકલ તપાસણી અંગેની પોલીસ યાદી |

| | | |
|---|---|---|
| ૧૧ | ૩૩ | ભોગ બનનારનું શારિરીક તપાસ અંગેનું સંમતિ પત્રક |
| ૧૨ | ૩૪ | ભોગ બનનારના મેડીકલ સેમ્પલો પો.સ્ટે.માં સોંપ્યા અંગેની યાદી |
| ૧૩ | ૩૫ થી ૩૬ | ફેરબદલી ફોર્મ |
| ૧૪ | ૩૭ | ભોગ બનનારના ડેન્ટીસ તપાસના કેસ પેપર્સ |
| ૧૫ | ૩૮ થી ૩૯ | ફેરબદલી ફોર્મ |
| ૧૬ | ૪૦ | ભોગ બનનારના ગાયનોકોલોજીસ્ટ તથા રેડીયોલોજી તપાસના કેસ પેપર્સ |
| ૧૭ | ૪૧ | ભોગ બનનારનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૮ | ૪૨ | ભોગ બનનારના ગાયનોકોલોજીસ્ટ તથા રેડીયોલોજી તપાસના કેસ પેપર્સ તથા અભિપ્રાય |
| ૧૯ | ૪૩ | આરોપીની મેડીકલ તપાસણી અંગેની પોલીસ યાદી |
| ૨૦ | ૪૪ | આરોપીનું શારિરીક તપાસ અંગેનું સંમતિ પત્રક |
| ૨૧ | ૪૫ | આરોપીના મેડીકલ સેમ્પલો પો.સ્ટે.માં સોંપ્યા અંગેની યાદી |
| ૨૨ | ૪૬ | આરોપીના મેડીકલ તપાસણીના કેસ પેપર્સ |
| ૨૩ | ૪૭ | આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૨૪ | ૪૯ | ભોગ બનનારની ઉંમર સંબંધી તલાટીને કરેલ પોલીસ યાદી |
| ૨૫ | ૫૦ | જન્મ રજીસ્ટરની નોંધણી ક્રમાંક–૬૭ ની નકલ |
| ૨૬ | ૫૧ | ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર |

| | | |
|---|---|---|
| ૨૭ | ૫૩ | ભોગ બનનારની ઉંમર સંબંધી આચાર્યને કરેલ પોલીસ યાદી |
| ૨૮ | ૫૪ | શાળાનો પ્રવેશ ફોર્મનો નમુનો |
| ૨૭ | ૫૫ | સ્કુલ જનરલ રજીસ્ટરના પાન નં.૧૪૧ ની નકલ |
| ૨૮ | ૫૬ | વયપત્રકનો ઉતારો |
| ૨૯ | ૫૮ | સુચિપત્ર |
| ૩૦ | ૬૦ | ફરીયાદીના નિવેદનનું બી.એસ.એ.કલમ-૬૩(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર |
| ૩૧ | ૬૧ | ભોગ બનનારના નિવેદનનું બી.એસ.એ.કલમ-૬૩(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર |
| ૩૨ | ૬૨ | ગુનાવાળી જગ્યાનું બી.એસ.એ.કલમ-૬૩(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર |
| ૩૩ | ૬૩ | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૩૪ | ૬૪ | ભોગ બનનારના કપડા કબજે કર્યાનું બી.એસ.એ. કલમ-૬૩(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર |
| ૩૫ | ૬૫ | આરોપીના કપડા કબજે કર્યાનું બી.એસ.એ. કલમ-૬૩(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર |
| ૩૬ | ૬૬ | મુદામાલ એફ.એસ.એલ.વડોદરા મોકલ્યો તેની રવાનગી નોંધ તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર |
| ૩૭ | ૬૭ | એફ.એસ.એલ.વડોદરાનો પત્ર તથા રીપોર્ટ |

**(બી) બચાવ પક્ષે તરફે :-**

| ક્રમ નંબર | આંક | વિગત |
|---|---|---|
| | | કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. |

## (સી)અદાલત ધ્વારા :–

| ક્રમ નંબર | આંક | વિગત |
|---|---|---|
| | | કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. |

## (ડી) મુદામાલની વિગતો :–

| ક્રમ | વિગત | માર્ક |
|---|---|---|
| ૧ | એક જાંગીયો (સ્ત્રી) | એ |
| ૨ | એક લેંઘો (સ્ત્રી) | બી |
| ૩ | એક ફ્રોક (સ્ત્રી) | સી |
| ૪ | ભોગ બનનારના મેડીકલ સેમ્પલો | ડી, ઇ |
| ૫ | એક જાંગીયો (પુરૂષ) | એફ |
| ૬ | એક સાદુ પેન્ટ (પુરૂષ) | જી |
| ૭ | એક શર્ટ (પુરૂષ) | એચ |
| ૮ | આરોપીના મેડીકલ સેમ્પલો | આઇ |

૬. ફરીયાદ પક્ષે આંક–૬૮ થી વધુ પુરાવો આપવા માંગતા ન હોય, ક્લોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલી છે. ફરીયાદ પક્ષનો પુરાવો નોંધી લીધા બાદ આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.જેમા આરોપીએ પોતાની વિરુદ્ધનાં પુરાવાનો સ્પષ્ણપણે ઈન્કાર કરેલ છે, અને પોતાની વિરુદ્ધ ખોટો કેસ કરેલાનું જણાવે છે. આરોપીએ સોગંદ પર પુરાવો રજુ કરવા તથા બચાવના સાહેદો તપાસવા માંગતા ન હોવાનું જણાવેલ છે અને વિશેષમાં એવુ જણાંવેલ છે કે તેઓ તદન નિર્દોષ છે, તેઓ સામે ફરીયાદ પક્ષ ધ્રારા નાણાં પડાવવા ખોટા આક્ષેપો કરી, ખોટી ફરીયાદ કરી, હાલના ગુનામાં સંડોવવામાં આવેલ છે.

૭. ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી જે.આર.લાલપુરવાલા તથા આરોપીના વિ.વ.શ્રી એસ.વી.મલેકની દલીલો સાંભળી.

૮. આ કામે સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી જે.આર.લાલપુરવાલાએ રજુઆત કરી જણાવેલ છે કે પ્રોસીકયુશને આંક–૦૪ થી ફરમાવેલ તહોમતનામું મૈખિક તથા દસ્તાવેજી પુરાવાથી શંકારહિત સાબિત કરેલ છે અને તેઓએ એવી રજુઆત કરેલ છે કે, આંક–૫૦ થી રજુ થયેલ જન્મ રજીસ્ટરનો ઉતારો અને આંક–૫૧ થી રજુ જન્મનું પ્રમાણપત્ર જોતાં તેમાં ભોગ બનનારની જન્મ તા.૧૮.૧૦.૨૦૧૨ છે જે મુજબ બનાવ સમયે ભોગ બનનાર ૧૨ વર્ષ, ૧૧ માસ, ૧૪ દિવસની હતી. ભોગ બનનારની શાળામાં જન્મ તા.૧૮.૧૦.૨૦૧૪ દર્શાવેલ છે જે આંક–૫૪ થી રજુ વાલી વાલી સર્ટીફીકેટના આધારે તા.૨૯.૦૮.૨૦૨૦ ના રોજ નોંધવામાં આવેલ છે તેમ છતાં ઉપરોકત બંને જન્મ તારીખની સાપેક્ષમાં બનાવની તારીખ જોવામાં આવેલ તો બનાવ સમયે ભોગ બનનાર સગીરવયની હોવાનું સ્પષ્ટ પુરવાર થાય છે. આમ, બનાવ સમયે ભોગ બનનાર માત્ર ૧૩ વર્ષની બાળકી હતી તે નજર સમક્ષ રાખી ભોગ બનનારનો પુરાવો જોતાં, આરોપીએ ભોગ બનનારને ''હું તારા બાપાને ઓળખુ છું, તું મારી સાથે ચાલ તને ઘરે છોડી દઈશ'' તેમ જણાવી ભોગ બનનારને મોટર સાયકલ ઉપર બેસાડી કુવાવાળા ખેતરમાં લઇ ગયેલ અને ભોગ બનનારે બુમો પાડતાં, મોઢુ દબાવી, મારી નાંખવાની ધમકી આપી બળજબરીપૂર્વક ભોગ બનનાર સાથે શરીર સંબંધ બાંધેલ છે અને સદર બનાવમાં ભોગ બનનારને બરડાના ભાગે ઈજા થયેલ છે તેવું સ્પષ્ટ રેકર્ડ ઉપર આવે છે, જે હકીકતોનું ખંડન થાય તેવી કોઇ હકીકત બચાવ પક્ષ ભોગ બનનારની ઉલટ તપાસ થકી રેકર્ડ ઉપર લાવેલ નથી જેથી ભોગ બનનારનો પુરાવો નહી માનવા કોઇ કારણ રહેતુ નથી. વધુમાં ભોગ બનનાર રડતી રડતી ઘરે આવતાં, તે બાબતે પુછતાં, ફરીયાદી તથા ભોગ બનનારની માતાને બનાવની

જાણ થયેલ છે અને ત્યારબાદ ફરીયાદીએ ખેતરમાં કામ કરતા બૈરાઓને આ બાબતે પુછતાં, ભોગ બનનારને આરોપી સાથે પાણી ભરવા મોકલેલ હોવાનું જણાવેલ છે. આંક-૧૫ થી સાહેદ કવિતાબેનનો પુરાવો જોતાં પણ તેણીએ ભોગ બનનારે આરોપી સાથે મોટર સાયકલ ઉપર બેસી પાણી ભરી લાવવા મોકલેલ હોવાની હકીકતને સમર્થનપ્રાપ્ત થાય છે. વધુમાં આંક-૧૭ થી પંચ કૌશિકભાઇનો પુરાવો જોતાં, સદર સાહેદની હાજરીમાં ભોગ બનનારે દુષ્કર્મવાળી જગ્યા બતાવેલ હોવાનું પુરવાર થાય છે. આમ, ફરીયાદી તથા ભોગ બનનારની માતા-પિતાના પુરાવાથી તથા અન્ય સાહેદોની જુબાનીથી ભોગ બનનારની જુબાનીને સમર્થનપ્રાપ્ત થાય છે, તેમજ તબીબી સાહેદ અને પોલીસ સાહેદના પુરાવા થકી કેસ સાબિત કરેલ છે. તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, બનાવ સમયે ભોગ બનનારના પિતા સુરત મુજરી કામે ગયેલા અને તે દિવસે તેઓ પાસે ભાડાના પૈસા ન હોવાથી બીજા દિવસે મજુરી મજુરી કામના પૈસા લઇને ઘરે આવ્યા બાદ બે દિવસ વિલંબથી ફરીયાદ આપેલ હોવાનો જે ખુલાસો ફરીયાદમાં કરેલ છે તે માનવાપાત્ર છે. અંતમાં તેઓએ રજુઆત કરેલ છે કે આરોપી સામે ફરમાવેલ તહોમતનામુ ઉપરોક્ત પુરાવાથી પુરવાર કરેલ હોય અને બચાવપક્ષે તેની વિરૂધ્ધના અનુમાનનું ખંડન કરેલ નથી તેથી ફરીયાદ પક્ષે તેનો કેસ શંકારહીત પુરવાર કરેલ હોય આરોપીને યોગ્ય તે સજા કરવા અરજ કરેલ છે.

૯. આ કામે આરોપી પક્ષે તેમના વિ.વ.શ્રી એસ.વી.મલેકે આંક-૬૯ થી લેખિત દલીલો રજુ કરેલ છે જેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, પ્રોસીકયુશન આંક-૦૪ વાળુ તહોમતનામું શંકારહિત સાબિત કરવામાં સદંતર નિષ્ફળ રહેલ છે. આ કામે ફરીયાદ બે દિવસના વિલંબથી આપવામાં આવેલ છે અને તે અંગેનો વિગતવારો કોઇ સ્પષ્ટ ખુલાસો ફરીયાદ જોતાં જણાઇ આવતો ન હોય પાછળથી

ગોઠવીને આપેલ હોય ફરીયાદમાં શંકા ઉભી થાય છે. વધુમાં ફરીયાદ આપી તે સમયે ભોગ બનનાર ફરીયાદી સાથે હોવા છતાં ભોગ બનનાર દ્રારા ફરીયાદ આપવામાં આવેલ નથી કે ફરીયાદના દિવસે ભોગ બનનારનું નિવેદન નોંધવામાં આવેલ નથી અને ભોગ બનનારનું નિવેદન વિલંબથી નોંધેલ છે તે શંકા ઉભી કરે છે. વધુમાં આંક-૪૦ અને આંક-૪૧ થી રજુ મેડીકલ પુરાવો જોતાં ભોગ બનનારના ગુપ્તભાગ ઉપર કોઇ ઈજા થયેલ નથી કે તે સંબંધી સમર્થનકારક પુરાવો આપવેલ નથી તેમજ એફ.એસ.એલ.રીપોર્ટમાં પણ દુષ્કર્મ સંબંધી સમર્થનકારક પુરાવો આવેલ નથી. અને તેથી ભોગ બનનારના પુરાવાને મેડીકલ પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ ન હોય ભોગ બનનારના પુરાવામાં શંકા ઉભી થાય છે. વધુમાં આંક-૩૧ થી તબીબી પુરાવો જોતાં, ભોગ બનનારને શરીરના પાછળના ભાગે જે બે એબ્રેજન બતાવેલ છે તે ખુબજ માઇનોર એબ્રેસન હતા અને તે માઇનોર એબ્રેજન કોઇ બોથડ પદાર્થના સંપર્કમાં આવે તો થવાની શકયતા નથી અને એબ્રેજન માટે ઘણા બધા કારણો હોઇ શકે તેમ જણાવેલ છે. ભોગ બનનારને એબ્રેજનની ઈજાઓ સિવાય શરીરે બીજી કોઇ ઈજા ન હતી અને કોઇ વ્યકિત બળજબરી કરે અને તેનો પ્રતિકાર કરવામાં આવે તો બળજબરી કરનાર વ્યકિત પર ઈજાના નિશાન આવે પણ આરોપીના શરીર ઉપર કોઇપણ પ્રકારની ઈજાના નિશાન જણાયેલ નથી. આમ, તબીબી પુરાવાથી પણ સમર્થન પ્રાપ્ત થતુ નથી. વધુમાં ભોગ બનનારની ઉલટ તપાસ જોતાં, ભોગ બનનારે ત્રણ તારીખે કોઇ જવાબ આપેલ ન હોવા છતાં ત્રણ તારીખે જવાબ આપેલો તે મે વાંચેલો તેમ કબુલ રાખેલ છે. ભોગ બનનારની દાદીએ જે ફરીયાદ આપેલી તે મુજબ ભોગ બનનારનો જવાબ લખી લીધેલ હોવાનું, જજ સાહેબને શું જવાબ આપવાનો તેની સમજ કરેલ અને તે મુજબ જજ સાહેબને જવાબ આપેલ હોવાનું કબુલ રાખેલ છે તેમજ આજુબાજુના ખેતરમાં કામ કરતા લોકોને તેણીને સાથે ખરાબ કામ થયેલ હોવાનું જણાવેલ

નથી. આમ, ભોગ બનનારને સમજાવી જુબાની અપાવેલ હોવાનું અને શીખવાડેલ સાહેદ હોવાનું જણાઇ આવે છે. વધુમાં ફરીયાદી તથા ભોગ બનનારની માતા–પિતાનો પુરાવો જોતાં તેઓએ બનાવ નજરે જોયેલ નથી અને આરોપી અને તેઓ એકજ ગામના અને અલગ અલગ ફળીયામાં રહેતા હોવાનું અને ફરીયાદ વિલંબથી આપેલ હોવાનું કબુલ રાખેલ છે. આમ, ફરીયાદી અને ભોગ બનનારના માતા–પિતાના પુરાવા ઉપર આધાર રાખી શકાય તેમ નથી. વધુમાં આંક–૧૫ થી સાહેદ કવિતાબેનનો પુરાવો જોતાં, ભોગ બનનારે કે ભોગ બનનારના દાદીએ ભોગ બનનાર સાથે આરોપીએ ખોટુ કામ કરેલ હોવાનું જણાવેલ નથી. આંક–૧૬ થી સાહેદ રૂમાલીબેનનો પુરાવો જોતાં, તેણીની ડુંગર ઉપર હોય પાણી આપ્યા પછી ભોગ બનનારને તેના ઘર બાજુ અને આરોપીને રોડે જતો જોયેલો તેમ કબુલ રાખેલ છે. ભોગ બનનારની દાદીએ ફરીયાદમાં કરેલા આક્ષેપો ખોટા છે અને ભોગ બનનાર કે ભોગ બનારના દાદીએ આરોપીએ ભોગ બનનાર સાથે ખોટું કામ કરેલ હોવાનું જણાવેલ નથી તેમ કબુલ રાખેલ છે.આમ, સ્વતંત્ર સાહેદના પુરાવાથી ભોગ બનનારના પુરાવાને સમર્થન પ્રાપ્ત થતુ ન હોય ભોગ બનનારના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી. વધુમાં આંક–૧૭ થી પંચ કૌશિકભાઇનો પુરાવો જોતાં તેમની ભોગ બનનાર કે આરોપી સાથે કોઇ વાતચીત થયેલ નથી અને તમામ પંચનામામાં તેમની સહીઓ પોલીસ સ્ટેશનમાં કરવામાં આવેલી તેવું કબુલ રાખેલ હોય, સદર સાહેદની જુબાનીથી પંચનામાની હકીકતો પુરવાર થયેલ માની શકાય નહી. વધુમાં મોટર સાયકલ કબજે કર્યાના અને આરોપીએ બતાવેલ જગ્યાના પંચનામાના પંચ હોસ્ટાઇલ જાહેર થયેલ છે. વધુમાં આ કામે આંક–૪૮ અને આંક–પર થી તપાસેલ સાહેદોનો પુરાવો જોતાં ભોગ બનનારની બે અલગ અલગ જન્મ તારીખ રેકર્ડ ઉપર ચાલતી હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે તે સંજોગોમાં ભોગ બનનારની સાચી જન્મ તારીખ પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ

નિષ્ફળ રહેલ છે. આમ, ફરીયાદ પક્ષ આક્ષેપિત તહોમત સચોટ, સબળ, માનવાલાયક પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે, જેથી આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવા અરજ ગુજારેલ છે અને તેઓની રજુઆતના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ રાખેલ છે.

(૧) ૨૦૦૯(૩) જી.એલ.એચ. પેજ નં.૨૬૦
ગૌરીશંકર સ્વામીગાલુ વિ. સ્ટેટ ઓફ કર્ણાટક અને બીજાઓ

(૨) ૧૯૯૬(૧) જી.એલ.એચ. પેજ નં.૯૧૯
સ્ટેટ ઓફ ગુજરાત વિ. મોહનલાલ ઉર્ફે મુન્નો ઉસ્માનભાઇ ચૌહાણ

(૩) ૨૦૨૩(૦) એઆઇજેઇએલ–સુ.કો. પેજ નં.૭૧૧૩૯
પ્રદિપ વિ. સ્ટેટ ઓફ હરીયાણા

(૪) ૨૦૧૨(૦) એઆઇજેઇએલ–હા.કો. પેજ નં.૨૨૭૩૪૫
ઉત્તમપ્રકાશ ઓમકારનાથ શુકલા વિ. સ્ટેટ ઓફ ગુજરાત

(૫) ૨૦૧૩(૧) જી.એલ.એચ. પેજ નં.૯૪૦
ઉત્તમપ્રકાશ ઓમકારનાથ શુકલા વિ. સ્ટેટ ઓફ ગુજરાત

**૧૦.** આ કામે બંને પક્ષકારોની રજુઆતો અને પુરાવાને ધ્યાનમાં લઇ, કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થયેલા છે.

**મુદાઓ :–**

**(૧)** શું ફરીયાદ પક્ષ પુરવાર કરે છે કે, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હતા?

**(૨)** શું ફરીયાદ પક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૧.૧૦.૨૦૨૫ ના રોજ બપોરના કલાક ૧૪:૦૦ વાગ્યાના અરસામાં ફરીયાદીની સગીર વયની પુત્રી ભોગ બનનાર ઉ.વ.૧૨ વર્ષ, ૧૧ મહીના, ૧૫ દિવસનીને

આરોપી તારા બાપાને ઓળખુ છું, મારી મોટર સાયકલ ઉપર બેસી જા, તને તારા ઘરે છોડી દઈશ તેમ જણાવી પટાવી, ફોસલાવી તેની સાથે મોટર સાયકલ ઉપર બેસાડી કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી થોડે દુર લઈ જઈ મોટર સાયકલ ઉભી રાખી નીચે ઉતારી, ભોગ બનનારને પથ્થર ઉંચકવાનો છે, તું મારી સાથે ચાલ તેમ કહેતાં ભોગ બનનારે તેની સાથે જવાની ના પાડતા તેણે ભોગ બનનારને જબરજસ્તીથી રોડ ઉપરથી હાથે પકડી ખેંચી થોડે આગળ કુવાવાળા ખેતરના કોતર બાજુ લઈ જઈ બંને હાથ પકડી પાડી અને બુમ પાડીશ તો મારી નાંખીશ તેમ કહી નીચે પાડી દઈ મોઢુ દબાવી રાખી લેગીશ કાઢી નાંખી પેશાબના ભાગે ખરાબ કામ (દુષ્કર્મ) કરી, કમર તથા બરાડાના ભાગે ઈજાઓ પહોંચાડી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૬૪(૧), ૬૫(૧), ૧૩૭(૨), ૧૧૫(૨), ૩૫૧(૩) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૩) શું ફરીયાદ પક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણતા હોવા છતાં ભોગ બનનારને અપહરણ કરી, જબરજસ્તીથી રોડ ઉપરથી હાથે પકડી ખેંચીને થોડે આગળ કુવાવાળા ખેતરના કોતર બાજુ લઈ જઈ બંને હાથ પકડી પાડી અને બુમ પાડીશ તો મારી નાંખીશ તેમ કહી નીચે પાડી દઈ મોઢુ દબાવી રાખી લેગીશ કાઢી નાંખી પેશાબના ભાગે ખરાબ કામ (દુષ્કર્મ) આચરી પોકસો એકટની કલમ-૪,૬ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૪) શું હુકમ?

**૧૧.** ઉપરોકત મુદ્દાના કારણોમાં ચર્ચા કરી છે, તે મુજબ નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારાત્મક

(૨) હકારાત્મક

(૩) હકારાત્મક

(૪) આખરી હુકમ મુજબ

**-:: કારણો ::-**

**<u>મુદા નં.૧ ની ચર્ચા</u> :-**

**૧૨.** હવે, આંક-૦૪ થી આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૬૪(૧), ૬૫(૧), ૧૩૭(૨), ૧૧૫(૨), ૩૫૧(૩), તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૪,૬ મુજબના ગુનાઓ અંગેનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. જે પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે એ હકીકત સ્પષ્ટપણે પુરવાર કરવી પડે કે બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હતી અને એ હકીકત નિર્ણિત કરવી ખૂબ જ જરૂરી છે. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાતો ધ્યાનમાં લેતા તે હકીકત પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની રહે છે. પોકસો એકટની કલમ-૩૪ વંચાણે લેતા બાળક ધ્વારા થયેલ ગુનાના કિસ્સામાં અને ખાસ અદાલત ધ્વારા તેની ઉમર અંગે અનુમાન કરવા માટે અનુસરવાની કાર્યરીતીની જોગવાઇ કરવામાં આવેલ છે. સૌપ્રથમ ભોગ બનનારની ઉમર નકકી કરવા માટે **નામ.સર્વોચ્ચ અદાલતે ક્રિમિનલ અપીલ નં. ૪૪૨/૧૦ (સુપ્રિમ કોર્ટ) સ્ટેસ ઓફ એમ.પી. વિરુદ્ધ અનોપસિંહ તેમજ ૧૯૯૬(૨) સુપ્રિમ કોર્ટ કેસીસ પાના નં.૧૮૪** વિગેરે મુજબનાં ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંત લક્ષમાં લેવા જરૂરી છે. સુપ્રીમ કોર્ટે ઉપરોકત ચુકાદામાં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે,

11. In the present case, the central question is whether the prosecutrix was below 16 years of age at the time of the incident. The prosecution in support of their case adduced two certificates, which were the birth certificate and the middle school certificzte. The date of birth of the prosecutrix has been shown as 29.08.1987 in the Birth Certificate (Ext. P/5), while the date of birth is shown as 27.08.1987 in the Middle School Examination Certificate. There is a difference of just two days in the dates mentioned in the above mentioned Exhibits. The Trial Court has rightly observed that the birth certificate Ext.P/5 clearly shows that the registration regarding the birth was made on 30.10.1987 and keeping in view the fact that registration was made within 2 months of the birth, it could not be guessed that the prosecutrix was shown as under aged in view of the possibility of the incident in question. We are of the view that the discrepancy of two days in the two documents adduced by the prosecution is immaterial and the High Court was wrong in presuming that the documents could not be relied upon in determining the age of the prosecutrix.

12. This Court in the case of Mahadeo S/o Kerba Maske Vs. State of Maharashtra and Anr., (2013)14 SCC 637, has held that Rule 12(3) of the Juvenile Justice (care and Protection of Children) Rules, 2007, is applicable in determining the age of the victim of rape. Rule 12(3) reads as under.

Rule 12(3): In every case concerning a child or juvenile in conflict with law, the age determination inquiry shall be conducted by the court of the Board of, as the case may be, the Committee by seeking evidence by obtaining (i) the matriculaion of equivalent certificated, if available; and in the absence whereof; (ii) the date of birth certificate from the school (other than a play school) first attended and in the absence whereof: (iii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat(b) and only in the absence of either (i), (ii) or (iii) of clause (a) above, the medical opinion will be sought from a duly constituted Medical Board, which will declare the age of the juvenile or child. In case exact assessment of the age cannot be done, the Court or the Board

of, as the case may be, the Committee, for the reasons to be recorded by them, may, if considered necessary, give benefit to the child or juvenile by considering his/her ago on lower side within the margin of one year, and, while passing orders in such case shall, after taking into consideration such evidence as may be available, or the medical opinion, as the case may be, record a finding in respect of his age and either of the evidence specified in any of the clauses (a)(i), (ii), (iii) or in the absence whereof, clause (b) shall be the conclusive proof of the age as regards such child orthe juvenile in conflict with law.

13. This Court further held in paragraph 12 of Mahadeo S/o Kerba Maske (supra) as under: Under rule 12(3)(b), it in specifically provided that only in the absence of alternative methods described under Rule 12(3)(a) (i) to (iii), the medical opinion can be sought for. In the light of such a statutory rule prevailing for ascertainment of the age of the juvenile in our considered opinion, the same yardstick can be rightly followed by the courts for the purpose of the ascertaining he age of a victim as well. (Emphasis supplied) This Court therefore relied on the certificates issued by the school in determining the age of the prosecutrix. in paragraph 13, this Court observed: In light of our above reasoning, in the case on hand, there were certificates issued by the school in which the proseuctrix did her V standard and in the school leaving certificate issued by the school under Exhibit 54, the date of birth has been clearly noted as 20.05.1990 and this document was also proved by PW 11. Apart from that the transfer certificate as well as the admission form maintained by the Primary School, Latur, where the prosecutrix had her initial education, also confirmed the date of birth as 20.05.1990. the reliance placed upon the said evidence by the Courts below to arrive at the age of the prosecutrix to hold that the prosecutrix was below 18 years of age at the time of occurrence was perfectly justified and we do not find any grounds to interfere with the same.

**In Jarnail Singh vs State Of Haryana CRIMINAL APPEAL NO. 1209 OF 2010 on 1 July, 2013, ................** Therefore, in our

considered opinion, it would be just and appropriate to apply Rule 12 of the 2007 Rules, to determine the age of the prosecutrix VW-PW6. The manner of determining age conclusively, has been expressed in sub-rule (3) of Rule 12 extracted above. Under the aforesaid provision, the age of a child is ascertained, by adopting the first available basis, out of a number of options postulated in Rule 12(3). If, in the scheme of options under Rule 12(3), an option is expressed in a preceding clause, it has overriding effect over an option expressed in a subsequent clause. The highest rated option available, would conclusively determine the age of a minor. In the scheme of Rule 12(3), matriculation (or equivalent) certificate of the concerned child, is the highest rated option. In case, the said certificate is available, no other evidence can be relied upon. Only in the absence of the said certificate, **Rule 12(3), envisages consideration of the date of birth entered, in the school first attended by the child. In case such an entry of date of birth is available, the date of birth depicted therein is liable to be treated as final and conclusive, and no other material is to be relied upon....**

૧૩. આ ગુનાના કામે બનાવ **તા.૦૧.૧૦.૨૦૨૫** ના રોજ બનેલ છે જેથી બનાવ વખતે આ કામના ભોગ બનનાર સગીર હતા કે કેમ? તે હકીકત અંગે આ કામે રજુ થયેલ દસ્તાવેજી તથા મૌખિક પુરાવાના આધારે નકકી કરવી રહી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાતો ધ્યાનમાં રાખીને બંને પક્ષો તરફે થયેલા રજુઆતો તથા ફરીયાદ પક્ષે રજુ મહત્વના સાહેદોનો મૌખિક પુરાવો જોવામાં આવે તો, આ કામે સાહેદ નં.૦૧ તરીકે **ફરીયાદી/ભોગ બનનારની દાદીનો** મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવે તો આંક–૦૬ થી સોગંદ પર તપાસેલ છે જેમા તેમણે જણાવેલ છે કે બનાવ સમયે ભોગ બનનારની ઉંમર આશરે ૧૨ વર્ષની હતી અને ભોગ બનનાર ધોરણ–૬ માં અભ્યાસ કરતી હતી તેમ જણાવેલ છે. **સાહેદ નં.૦૨ તરીકે ભોગ બનનારના પિતાનો આંક–૧૦ થી** રજુ થયેલ સોગંદ ઉપરનો પુરાવો જોવામાં આવે તો, તેઓએ એમ જણાંવેલ છે કે બનાવ સમયે ભોગ

બનનારની ઉંમર આશરે ૧૨ વર્ષ, ૧૧ માસ જેટલી હતી અને ધોરણ–૬ માં અભ્યાસ કરતી હતી તેમ જણાવેલ છે. **સાહેદ નં.૦૩ તરીકે ભોગ બનનારની માતાનો આંક–૧૧** થી રજુ થયેલ સોગંદ ઉપરનો પુરાવો જોવામાં આવે તો તેણીએ એમ જણાંવેલ છે કે બનાવ સમયે ભોગ બનનારની ઉંમર આશરે ૧૨ વર્ષ, ૧૧ માસ જેટલી હતી અને ધોરણ–૬ માં અભ્યાસ કરતી હતી તેમ જણાવેલ છે. **સાહેદ નં.૦૪ તરીકે ભોગ બનનારનો આંક–૧૩ થી** રજુ થયેલ સોગંદ ઉપરનો પુરાવો જોવામાં આવે તો **તેણીની જન્મ તા.૧૮.૧૦.૨૦૧૨** ની જણાવેલ છે. બચાવ પક્ષ દ્રારા ઉપરોકત મહત્વના સાહેદોની જુબાનીમાં ભોગ બનનારની ઉંમર સંદર્ભે કોઈપણ પ્રકારની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી અને તે રીતે મુખ્ય સાહેદોનો પુરાવો બિન પડકારેલ અને અનચેલેન્જ રહેલ છે.એટલે કે મહત્વના સાહેદોના પુરાવા થકી બનાવ સમયે **ભોગ બનનારની ઉંમર ૧૨ વર્ષ અને ૧૧ માસની** હોવાનું અને **જન્મ તા.૧૮.૧૦.૨૦૧૨** ની જણાઈ આવે છે.

**૧૪.** હવે, ફરીયાદ પક્ષ તરફથી ભોગ બનનારની ઉંમર પુરવાર કરવા માટે મહત્વના **સાહેદ નં.૧૧ તરીકે મનીષાબેન ગંગાભાઈ બીલવાળને આંક–૪૮ થી તપાસેલ છે.** આ સાહેદનો સોગંદ ઉપર રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો તેઓ બનાવ સમયે xxxx ગ્રામ પંચાયતમાં તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવે છે. સદર સાહેદની જુબાની થકી આંક–૫૦ થી જન્મ રજીસ્ટરનો ઉતારો અને આંક–૫૧ થી ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર રજુ કરવામાં આવેલ છે. જે મુજબ આ રજીસ્ટરની પ્રથમ નોંધ ક્રમ નં.૫૫ થી તા.૧૬.૦૮.૨૦૧૨ થી શરૂ કરેલ છે અને છેલ્લી નોંધ ક્રમ નં.૭૩ થી ૨૭.૧૧.૨૦૧૨ સુધીની છે, જેમાં ક્રમ નં.૬૭ ઉપર ભોગ બનનારનું નામ, તેણીના માતા–પિતાનું નામ, જન્મ સ્થળમાં ગામનું નામ, જન્મ તા.૧૮.૧૦.૨૦૧૨ ની નોંધ કરવામાં આવેલ છે અને આ જન્મ

તારીખની નોંધણી તા.૨૭.૧૦.૨૦૧૨ ના રોજ કરવામાં આવેલ છે, જે અસલ રજીસ્ટરના સંબંધિત પાનાની નકલ આંક–૫૦ થી રજુ રખેલ છે તેમજ ભોગ બનનારનો જન્મનો દાખલો આંક–૬૫ થી રેકર્ડ ઉપર રજુ રાખેલ છે. સદર સાહેદ બચાવ પક્ષની ઉલટ તપાસમાં આંક–૫૦ નું રજીસ્ટર જોઈને કહે છે કે, જન્મ તારીખની નોંધણી સમયે હાજર તલાટીએ કયા આધારે જન્મની નોંધણી કરેલ છે તેની કોઈ વિગત જણાવેલ નથી તેમ કબુલ રાખેલ છે. તે સિવાય અન્ય કોઈ પ્રશ્નોતરી કરવામાં આવેલ નથી.

**૧૫.** આ સાહેદના પુરાવાની મુલવણી કરવામાં આવે તો સદર સાહેદ XXXX ગ્રામ પંચાયતમાં તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવ છે અને તેમની ફરજના ભાગરૂપે સરકારી નિયમો મુજબ રજીસ્ટરમા કરવામા આવેલ નોંધ મુજબની હકીકતો પોતાના પુરાવામાં જણાવેલ છે અને તે સંદર્ભે બચાવપક્ષ તરફથી ઉલટતપાસમાં જે પણ પ્રશ્નોત્તરી કરેલ છે તે થકી એવી કોઈ ફળદાયી હકીકત બચાવ પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી કે જેથી ભોગ બનનારની જન્મ તારીખ અને રજીસ્ટરમાં નોધાયેલ વિગતો અનુસંધાને કોઈ શંકા ઉપસ્થિત થાય. બચાવ પક્ષ તરફથી મુખ્ય સાહેદો કે જે ભોગ બનનારના માતા–પિતા અને ભોગ બનનારના દાદી થાય છે તેઓ ભોગ બનનારની જન્મ તારીખ અને ઉમર બાબતેના શ્રેષ્ઠ સાહેદ ગણી શકાય અને આ સાથે જન્મની નોંધણી આંક–૫૦ વાળું જન્મ રજીસ્ટર ધ્યાને લેવામાં આવે તો એ મહત્વની બાબત બની રહે છે કે ભોગ બનનારની જન્મ તા.૧૮.૧૦.૨૦૧૨ છે અને તેની નોંધણી તા.૨૭.૧૦.૨૦૧૨ ના રોજ કરવામાં આવેલ છે. આંક–૫૦ વાળા જન્મ રજીસ્ટરમાં ભોગ બનનારનુ જન્મ સ્થળ, માહિતી આપનારનું નામ વિગેરે વિગતો દર્શાવેલ છે. વધુમા, જન્મના પ્રમાણપત્રની નકલ આંક–૫૧ થી રજુ છે. આંક–૫૦ અને આંક–૫૧ વાળા દસ્તવાજોમાં ભોગ બનનારની જન્મ તારીખ અને દસ્તાવેજોની સત્યતા બાબતે બચાવપક્ષ કોઈ

એવી ફળદાયી હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી જેથી જન્મ તારીખ બાબતે સહેજ પણ શંકા ઉપસ્થિત થાય. આંક–૫૦ વાળુ જન્મ રજીસ્ટર તેમજ માહેની વિગતો પુરાવામાં ગ્રાહય છે અને તે સંજોગોમાં ભોગ બનનારની જન્મ તા.૧૮.૧૦.૨૦૧૨ હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે. વધુમાં અગાઉ સરકારી કર્મચારી તરીકે ફરજ બજાવતા અધિકૃત કર્મચારી ધ્વારા તેઓની ફરજના ભાગરૂપે આ નોંધ કરવામાં આવેલ હોય તે પુરાવામાં ગ્રાહ્ય છે અને તે સંજોગોમા સાહેદ રેકર્ડના આધારે જુબાની આપેલ હોય, **ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૨૯** વંચાણે લેવામાં આવે તો તે મુજબ ફરજ બજાવતા જાહેર રેકર્ડમાં કરેલી નોંધની પ્રસ્તુતતા જાહેર અથવા અન્ય અધિકૃત ચોપડા, રજીસ્ટર અથવા રેકર્ડમાં મુદ્દા માહેની હકીકત અથવા પ્રસ્તુત હકીકત દર્શાવતી, એક જાહેર નોકરે પોતાની અધિકૃત ફરજ બજાવતા અથવા જે રાષ્ટ્રમાં આવા ચોપડા, રજીસ્ટર અથવા રેકર્ડ રાખવામાં આવતા હોય તે અંગેના કાનુન મુજબ વિશિષ્ટ રીતે સંકળાયેલી હોય તેવી ફરજોનુ પાલન કરતા કોઈપણ વ્યકિતએ કરેલી નોંધ આપોઆપ પ્રસ્તુત હકીકત છે. જેથી બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ દલીલો સાથે સહમત થઈ શકાય તેમ નથી.

**૧૬.** હવે જયારે પ્રોસીકયુશન તરફથી ભોગ બનનારના આંક–૫૧ વાળા જન્મના પ્રમાણપત્ર થકી જન્મ તા.૧૮.૧૦.૨૦૧૨ હોવાનું પુરવાર કરવામા આવેલ હોય ત્યારે આ જ હકીકત ફરીથી અન્ય સાહેદોના પુરાવા થકી ફરીથી પુરવાર કરવી જરૂરી નથી તેમજ **નામદાર સર્વોચ્ચ અદાલતના સ્ટેટ ઓફ એમ.પી. વિરુધ્ધ અનોપસિંહના ઉપરોકત નોંધેલ ચુકાદામાં અગ્રિમતાના જે ધોરણો દર્શાવવામા આવેલ છે તે ધ્યાને લેતા જન્મનો દાખલો શ્રેષ્ઠ પુરાવો ગણી શકાય** અને તે સંજોગોમા ભોગ બનનારની શાળા છોડયાનો દાખલો ખાસ કોઈ મહત્વનો રહેતો નથી. તેમ છતાં જયારે પ્રોસીકયુશન તરફથી ભોગ બનનારની ઉમર પુરવાર કરવા માટે સાહેદ નં.૧૨ તરીકે મહેશભાઇ

કમજીભાઇ ચારેલને આંક–૫૨ થી તપાસેલ છે. સદર સાહેદનો પુરાવો ટુંકમાં જોવામાં આવે તો તેઓ xxx મુખ્ય પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવે છે અને તેઓને સમંસ મળતા શાળાના દસ્તાવેજી પુરાવા સાથે હાજર રહેલ છે. તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, ભોગ બનનારને તેમની શાળામાં ધોરણ–૧ માં પ્રવેશ તા.૨૯.૦૮.૨૦૨૦ ના રોજ આપવામાં આવેલો અને ભોગ બનનારની નોંધણી તેમની શાળામાં પ્રવેશ લેતી વખતે તેના પિતાના વાલી સર્ટીફીકેટ આંક–૫૪ આધારે કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. સદર સાહેદની જુબાની થકી આંક–૫૪ થી વાલી સર્ટીફીકેટ (પ્રવેશ ફોર્મનો નમુનો), આંક–૫૫ થી જનરલ રજીસ્ટરનો ઉતારો અને આંક–૫૬ થી શાળાના વયપત્રકનો ઉતારો રજુ કરવામાં આવેલ છે, જેમાં ભોગ બનનારની જન્મ તા.૧૮.૧૦.૨૦૧૪ ની દર્શાવેલ છે. બચાવપક્ષ તરફથી આ સાહેદની ઉલટતપાસમાં કોઇ પ્રશ્નોતરી કરવામાં આવેલ નથી.

**૧૭.** આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતા ભોગ બનનારની નોંધણી તેમની શાળામાં આંક–૫૪ થી રજુ વાલી વાલી સર્ટીફીકેટના આધારે તા.૨૯.૦૮.૨૦૨૦ ના રોજ કરવામાં આવેલ છે અને તે મુજબ ભોગ બનનારની જન્મ તા.૧૮.૧૦.૨૦૧૪ દર્શાવેલ છે. સદર સાહેદે પોતાની જુબાનીના સમર્થનમા આંક–૫૪ થી વાલી સર્ટીફીકેટ (પ્રવેશ ફોર્મનો નમુનો), આંક–૫૫ થી જનરલ રજીસ્ટરનો ઉતારો અને આંક–૫૬ થી શાળાના વયપત્રકનો ઉતારો રજુ કરેલ છે. સદર દસ્તાવેજી પુરાવા બનાવટી અને ખોટા હોવાનો કોઈ બચાવ આરોપી તરફે લેવામા આવેલ નથી. સદર સાહેદની જુબાની ઉપરથી પણ બનાવ સમયે ભોગ બનનારની ઉમર **૧૦ વર્ષ, ૧૧ માસ, ૧૪ દિવસની** હોવાનુ સ્પષ્ટપણે જણાઇ આવે છે. આરોપી તર્ફે દલીલ કરેલ છે કે ભોગ બનનારની જન્મ તારીખમાં બે વર્ષ જેટલો તફાવત જણાઈ આવતો હોય ભોગ બનનાર સગીર વયના હોવાનું માની

શકાય નહી. રેકોર્ડ જોતાં જનમના દાખલામાં અને સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં બે વર્ષનો તફાવત જણાઇ આવે છે. જન્મનો દાખલો ધ્યાને લેવામા આવે તો બનાવ સમયે ભોગ બનનારની ઉંમર **૧૨ વર્ષ, ૧૧ માસ, ૧૪ દિવસની** જણાઈ આવે છે જ્યારે સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ ધ્યાને લેવામા આવે તો ભોગ બનનારની ઉંમર **૧૦ વર્ષ, ૧૧ માસ, ૧૪ દિવસની** જણાઈ આવે છે. એટલે કે બનાવ સમયે ભોગ બનનાર સગીર હોવાની હકીકત રેકોર્ડ પર જણાય છે. જન્મ તારીખના વર્ષમાં તફાવત હોવાના માત્ર કારણસર ભોગ બનનાર સગીર હતા જ નહી તેવી બચાવપક્ષની દલીલ ગ્રાહ્ય રાખવા પાત્ર જણાતી નથી. આમ ફરીયાદ પક્ષે ભોગ બનનાર સગીર વયના હોવાનુ પુરવાર કરવા માટે આંક-૪૮ અને આંક-૫૨ થી મુખ્ય સાહેદો તલાટી, આચાર્યને તપાસેલ છે તથા આંક-૫૦ થી આંક-૫૧ અને આંક-૫૪ થી આંક-૫૬ સુધી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. બચાવ પક્ષે સદર સાહેદોની ઉલટતપાસ દરમ્યાન ભોગ બનનાર સગીર વયના ન હોવા બાબતનો કોઇ માનવાલાયક બચાવ લીધેલ નથી તેમજ તેવી કોઇ હકીકત રેકોર્ડ પર લાવી શકેલ નથી. સદર સાહેદો ભોગ બનનારની ઉમર બાબતે આરોપીને ફસાવવા માટે ખોટી હકીકત જણાવતા હોય કે ખોટા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ હોય તેવો પણ કોઇ માનવાલાયક બચાવ લીધેલ નથી. તેવા સંજોગોમા ફરીયાદ પક્ષે ભોગ બનનાર બનાવ સમયે **૧૨ વર્ષ, ૧૧ માસ, ૧૪ દિવસની** હોવાનુ પુરવાર કરેલ છે. આમ, ઉપરોકત તમામ રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા તથા મૈખિક પુરાવામાં ભોગ બનનારની જન્મ **તા.૧૮.૧૦.૨૦૧૨** હોવાનું પ્રોસીકયુશને શંકારહિત સાબિત કરેલ હોય, ભોગ બનનાર બનાવ સમયે એટલે કે **તા.૦૧.૧૦.૨૦૨૫ ના રોજ ૧૨ વર્ષ, ૧૧ માસ, ૧૪ દિવસની** હોવાનું પુરવાર થાય છે અને તે રીતે પોકસો એકટની કલમ-૨(ડી)(૧) અન્વયે ભોગ બનનાર **"બાળક"** એટલે કે, ૧૮ વર્ષથી નીચેની સગીર વયના હોવાની હકીકત ફરીયાદ પક્ષ કાયદાનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ પોતાની

તરફેણમાં નિઃશંકપણે પુરવાર કરી શકેલ હોઈ**, મુદા નં.૧** નો નિર્ણય હું **હકારમાં** આપુ છું.

**<u>મુદા નં.૨ અને ૩ ની ચર્ચા</u> :–**

૧૮. પ્રસ્તુત પ્રકરણમાં પ્રોસીકયુશન તરફથી પોતાનો કેસ પુરવાર કરવા સારુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે. નોંધનીય છે કે પોકસો એકટની કાયદાકીય જોગવાઈઓને ધ્યાનમાં લેતાં તે પ્રમાણે ઇનકેમેરા પ્રોસીડીંગ્સથી પુરાવો નોંધવામાં આવેલ છે. ફરીયાદ પક્ષે પડેલ પુરાવાની ચર્ચા કરતા પહેલા કાયદાકીય પરિસ્થિતી ધ્યાને લેવી જરૂરી છે. જે મુજબ:–

**ધી પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ ૨૦૧૨ ની કલમ– ૪, ૬ નીચે મુજબ છે.**

**<u>4. Punishment for penetrative sexual assault.....</u>**

Whoever commits penetrative sexual assault shall be punished with imprisonment of either description for a term which shall not be less than 10 years but which may extend to imprisonment for life, and shall also be liable to fine.

(2) whoever commits penetrative sexual assault on a child below sixteen years of age shall be punished with imprisonment for a term which shall not be less than 20 years, but which may extend to imprisonment for life, which shall mean imprisonment for the remainder of natural like of that person, and shall also be liable to fine.

**<u>SECTION 5: Aggravated penetrative sexual assault</u>**

(i) whoever commits penetrative sexual assault causing grievous hurt or causing bodily harm and injury or injury to the sexual organs of the child; or

**6. Punishment for aggravated penetrative sexual assualt-**

Whoever, commits aggravated penetrative sexual assulat, shall be punished with rigorous imprisonment for a term which shall not be less than twenty years but which may extend to imprisonment for life, which shall mean imprisonment for the remainder of natural life of that person, and shall also be liable to fine or with death.

## ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૬૪(૧), ૬૫(૧), ૧૩૭(૨), ૧૧૫(૨), ૩૫૧(૩) નીચે મુજબ છે.

**SECTION- 64 Punishment for rape.**

(1) Whoever, except in the cases provided for in sub-section (2), commits rape, shall be punished with rigorous imprisonment of either description for a term which shall not be less than ten years, but which may extend to imprisonment for life, and shall also be liable to fine.

**SECTION- 65. Punishment for rape in certain cases.**

(1) Whoever, commits rape on a woman under sixteen years of age shall be punished with rigorous imprisonment for a term which shall not be less than twenty years, but which may extend to imprisonment for life, which shall mean imprisonment for the remainder of that person's natural life, and shall also be liable to fine:

**SECTION-137 Kidnapping.**

(2) Whoever kidnaps any person from India or from lawful guardianship shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, and shall also be liable to fine.

**SECTION-115 Voluntarily causing hurt.**

(2)Whoever, except in the case provided for by sub-section (1) of section 122 voluntarily causes hurt, shall be punished with imprisonment of either description for a term which may extend to one year, or with fine which may extend to ten thousand rupees, or with both.

**SECTION-351(3) Criminal intimidation.**

**(3)** Whoever commits the offence of criminal intimidation by treating to cause death or grievous hurt, or to cause the destruction of any property by fire, or to cause an offence punishable with death or imprisonment for life, or with imprisonment for a term which may extend to seven years, or to impute unchastity to a woman, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, or with fine, or with both.

**૧૯.** આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ સાથે જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ અધિનિયમ ૨૦૧૨ ની જોગવાઈનો ભંગ કર્યાનો આક્ષેપ છે. સદરહું કાયદો ખાસ કાયદો હોવાના કારણે આ કાયદાના સંદર્ભે પુરાવાનો અમુક વિશેષ નિયમ ઘડવામાં આવેલ છે. જયારે કોઈ વ્યકિત સામે કોઈ પ્રકારનું તહોમત મુકવામાં આવે ત્યારે તે સાબિત કરવાની જવાબદારી સંપૂર્ણત: ફરીયાદ પક્ષના શીરે રહે છે. પરંતુ જયારે પોકસો એકટની જોગવાઈઓ મુજબ આરોપીઓ વિરૂધ્ધ કેસના પાયાના તત્વો પુરવાર કરવાનો બોજો પ્રથમ ફરીયાદ પક્ષ પર રહે છે અને ત્યારબાદ આરોપીએ ગુનો કરેલ નથી, તેની ગુનાહિત માનસીકતા નથી તે નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો આરોપી પર લાદવામાં આવેલ છે. આ અધિનિયમની **કલમ–૨૯** મુજબ જયારે કાયદા હેઠળના કોઈ ગુનામાં કોઈ આરોપીએ ગુનો કરેલ

છે તેવું દર્શાવવામાં આવેલ હોય ત્યારે તે આરોપીએ ગુનો કરેલ છે તેવું માની લેવામાં આવશે, અને તે હકીકતથી વિરૂધ્ધનો પુરાવો આપવાનો બોજો આરોપી ઉપર નાંખવામાં આવેલ છે. વધુમાં સદર કાયદાની **કલમ–૩૦** મુજબ આરોપીની ગુનાહિત માનસીકતા છે તેવું ખાસ અદાલત માની લેશે અને તેની વિરૂધ્ધની હકીકત આરોપી પક્ષે પુરવાર કરવાની રહેશે. હાલના ગુનાના કામે કાયદાના સર્વસ્વીકૃત સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે સૌપ્રથમ આરોપીએ ગુનો કરેલ છે તે પુરવાર કરવું જ પડે અને તે પુરવાર કરવા માટે પુરાવાનું પ્રમાણ નહિ પણ સંભવિતતા પરીબળના સિધ્ધાંત મુજબ સાબિત કર્યેથી તેના વિરૂધ્ધ આરોપી પક્ષે સંભવિતતાના પરીબળના સિધ્ધાંત મુજબ હકારાત્મક પુરાવાથી બતાવી શકે ત્યાં સુધી આરોપીએ આક્ષપીત ગુનો કરેલ છે તેમ માની લેશે તેમજ જયારે આરોપીની ગુનાહિત માનસીકતા, સ્થિતી, ઈરાદો, પ્રેરક, પ્રવર્તતા કે કોઈ હકીકતનું જ્ઞાન હતુ તે અંગે પણ અદાલત અનુમાન કરશે અને તે તેનાથી વિરૂધ્ધનું શંકાથી પર સાબિત થયેલાનું હોવું જોઈએ. પોકસો એકટમાં **shall presume** શબ્દ વાપરવામાં આવેલ છે અને તેની વ્યાખ્યા ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૪ માં આપવામાં આવેલ છે અને તે હકીકતથી વિરૂધ્ધનો પુરાવો રજુ કરવામાં ન આવે ત્યાં સુધી તે હકીકત પુરવાર થયેલ છે તેવું પુર્વ અનુમાન કરવું પડે. ફોજદારી કાયદાના સિધ્ધાંતો ધ્યાને લેતાં એ સ્પષ્ટ છે કે, વ્યકિત સામે ગુનો નોંધાયેલ હોય તે વ્યકિત દોષિત સાબીત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તેવા પુર્વ અનુમાન સાથે કેસની કાર્યવાહી આગળ ચલાવવા જોઈએ તેમજ સાહેદો કોર્ટમાં જુબાની આપતા હોય ત્યારે તેઓ સામાન્ય રીતે સબળ મનોબળ ધરાવતા હોતા નથી અને કાયદાની આંટીઘુંટીથી બરાબર પરીચીત હોતા નથી તે સંજોગોમાં તેઓની જુબાનીમાં વિરોધાભાષ, વિસંગતતા અને અતિરેક પેદા કરતા હોય છે અને તે કારણસર ફરીયાદ પક્ષના કેસ પર જો કોઈ વિપરીત અસર પડતી ન હોય તો તેવો વિરોધાભાષ, વિસંગતતા કે

અતિરેકને દરગુજર કરવો જોઈએ. પરંતુ જો આવો વિરોધાભાષ ફરીયાદ પક્ષના મૂળ કેસને અસર કરતી હોય તો તેનો લાભ આરોપીને મળવો જોઈએ. ભોગ બનનારનો પુરાવો એ ખુબ જ મહત્વનો અને પ્રત્યક્ષ પુરાવો ગણી શકાય એટલે કે, તે પ્રત્યક્ષ/નજરે જોયેલ અને અનુભવેલ પુરાવો છે. મોટા ભાગના બળાત્કાર જેવા ગુનામાં/કિસ્સામાં નજરે જોનાર સાહેદો હોતા નથી તેમજ સામાન્ય રીતે આવા બળાત્કારના ગુનાઓ બંધ બારણે અથવા તો એકાંતવાળી જગ્યાએ બનવા પામતા હોય તેવા સંજોગોમાં સ્વતંત્ર સાહેદો ઉપલબ્ધ હોઈ શકે નહી અને તેથી **નામ. સર્વોચ્ચ અદાલતે રાજુ વિ. સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ (૨૦૦૮) ૧૫ એસ.સી.સી. ૧૩૩** માં એવું ઠરાવેલ છે કે, ભોગ બનનાર એકલાની જુબાનીના આધારે આરોપીને સજા થઈ શકે. પરંતુ તેની જુબાની વિશ્વસનીય હોવી જોઈએ. વધુમાં, એવું ઠરાવેલ છે કે, બળાત્કાર જેવા ગુનામાં **ભોગ બનનારને accomplice તરીકે નહી પરંતુ માનવાયોગ્ય વ્યકિત તરીકે તેની જુબાનીનું મુલ્યાંકન કરવું જોઈએ.** તેમની જુબાની એક ઈજા પામનાર વ્યકિત જેટલું મહત્વ રાખે છે અને જો વિશ્વસનીય હોય તો તેને માટે અન્ય સમર્થનકારક પુરાવાની જરૂર નથી. તે જ રીતે **નામ. સર્વોચ્ચ અદાલતે સદાશિવ રામારાવ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૨૦૦૬) ૧૦ એસ.સી.સી. ૯૨** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, આવા પ્રકારના ગુનાઓમાં ભોગ બનનારની એકલાની જુબાનીના આધારે સજા કરી શકાય. તે જુબાની સુસંગત, ભરોષાપાત્ર તથા સૌથી ઉચ્ચ કક્ષાની **Sterling category witness** હોવી જોઈએ. તેવી જ રીતે જો આવા પ્રકારની જુબાની ઉપર આધાર રાખીને અન્ય પુરાવો નથી તેમ કહીને જો આરોપીને છોડી મુકવામાં આવે તો ભોગ બનનાર સાથે અન્યાય કર્યો કહેવાય. તે જ રીતે **નામ. સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ પંજાબ વિ. ગુરમીતસિંહ (૧૯૯૬)૨ એસ.સી.સી. ૩૮૪ તથા રણજીત હજારીકા વિ. સ્ટેટ ઓફ આસામ (૧૯૯૮) ૮ એસ.સી.સી. ૬૩૫** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, જાતિય ગુનાના કેસોમાં જે તત્વો

ગુનાના મૂળમાં શંકા ઉભી ન કરે અને તે તત્વોમાં નાનો મોટો તફાવત હોય તો ભોગ બનનારની જુબાનીને નકારી શકાય નહી. બળાત્કાર એવો ગુનો છે જેમાં કોઈપણ સ્વાભિમાની સ્ત્રી કોર્ટ સમક્ષ આવી ખોટી હકીકત દર્શાવે તેવું બને નહી. ભોગ બનનારની જુબાનીમાં જો નાની મોટી તૃટી આવેલ હોય અને તે ગુનાના મૂળ કેસને અસર કરતી ન હોય તો તેની જુબાની પર વિશ્વાસ રાખી શકાય.

**૨૦.** આ તબકકે પોકસો એકટની કલમ-૨૯ અને કલમ-૩૦ ધ્યાને લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

**પોકસો એકટની કલમ-૨૯ અમુક ગુનાઓ અંગે માની લેવા બાબતઃ-**

જયાં, કોઇ વ્યક્તિને આ અધિનિયમની કલમ-૩,૫,૭ અને કલમ-૯ અન્વયેના કોઇ ગુનાને કરવાના અથવા તેવા ગુનાનું દુષ્પ્રેરણ કરવાના અથવા આવા ગુનાને કરવાના પ્રયત્ન કરવા માટે તેના ઉપર કાનૂની કાર્યવાહી કરવામાં આવે ત્યારે, સ્પેશિયલ કોર્ટ ધ્વારા જયાં સુધી તેનાથી વિરુધ્ધનું સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી, એવું માની લેવામાં આવશે કે, આવા વ્યકિતએ, યથાપ્રસંગ, એવો ગુનો કરેલ છે, દુસ્પ્રેરણ કરેલ છે, અથવા આવા ગુનાને કરવાનો પ્રયત્ન કરેલ છે.

**પોકસો એકટની કલમ-૩૦ ગુનાહિત માનસિક સ્થિતિ અંગે માની લેવા બાબત (અનુમાન).**

**(૧)** આ અધિનિમય અન્વયેના કોઈપણ ગુના માટે કોઈપણ ઈન્સાફી કાર્યવાહીમાં, કે જેમાં આરોપીની ગુનાહિત માનસિક સ્થિતિ આવશ્યક હોય ત્યારે, સ્પેશ્યલ કોર્ટ આવી માનસિક સ્થિતિના અસ્તિત્વ અંગે અનુમાન કરશે, પરંતુ આરોપીને પોતાના બચાવમાં સાબિત કરવુ પડશે કે, તેની માનસિક સ્થિતિ સાથે તેની સામે

ચલાવવામાં આવતી ઈન્સાફી કાર્યવાહીમાં જે ગુના માટે તેના ઉપર તહોમત મુકવામાં આવેલ છે, તેની સાથે તેની માનસિક સ્થિતિનો કોઈ સંબંધ રહેતો નથી.

**(૨)** આ અધિનિયમના હેતુઓ માટે કોઈ હકીકતની સાબિતી ત્યારે જ ગણવામાં આવશે કે જયારે સ્પેશિયલ કોર્ટના મંતવ્ય મુજબ કોઈપણ શંકા સિવાય આવુ થયા હોવા અંગે વિશ્વાસ હોય અને માત્ર ત્યારે નહી જયારે તે બન્યા હોવાની સંભાવનાની પ્રબળતા ધ્વારા સ્થાપિત થયેલ હોય.

**સ્પષ્ટીકરણ–** આ અધિનિયમમાં ''ગુનાહિત માનસિક સ્થિતિ" માં ઈરાદો, પ્રેરક/પ્રવર્તક કોઈ હકીકતનું જ્ઞાન તથા કોઈ હકીકત અંગે વિશ્વાસ અથવા વિશ્વાસ કરવા માટેના કોઈપણ કારણનો સમાવેશ થાય છે.

**૨૧.** કાયદામા એ પણ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે જ્યારે પોક્સો એક્ટ હેઠળનો ગુનો હોય અને તે મુજબના ગુનાનો આક્ષેપ કરવામા આવેલ હોય ત્યારે પોક્સો એક્ટ ની **કલમ ૨૯ અને કલમ ૩૦** અન્વયે કાયદાકીય અનુમાન આરોપીની વિરુધ્ધમા કરવાના રહે છે. પરંતુ, પોક્સો એક્ટ ની **કલમ ૨૯ અને ૩૦ હેઠળ** ની કાયદાકીય અનુમાન આપોઆપ અસ્તીત્વમા આવતા નથી. આવા કાયદાકીય અનુમાન કરવા સંદર્ભે પ્રોસીક્યુશન તરફથી પ્રાથમિક પુરાવો રજુ કરવાનો રહે છે અને જો આવો પ્રાથમિક પુરાવો, માનવાલાયક અને સંતોષકારક રજુ થયો હોય, ત્યારબાદ જ આવા અનુમાન આરોપીની વિરુધ્ધમા કરવાના રહે છે અને બોજાનુ વહન ત્યારબાદ આરોપીએ કરવાનુ રહે છે અને આવા કાયદાકીય અનુમાનનું ખંડન કરતો પુરાવો આરોપી પોતે વીટનેશ બોક્સમાં આવીને અથવા તો ફરીયાદ પક્ષે રજુ થયેલ સાહેદોની ઉલટ તપાસ થકી અથવા તો બચાવમા સાહેદ તપાસીને રજુ કરી શકે છે અને આરોપીના શીર પર બોજાનું વહન

Preponderanace of Probability ના સિધ્ધાંત મુજબ કરવાનુ રહે છે અને આવી સંભવિતતાઓ થકી પ્રોસીક્યુશનના કેસમા શંકા ઉપસ્થિત કરી શકે છે. વધુમા એ પણ નોંધવુ ઘટે કે શંકાઓ કાલ્પનીક ન હોવી જોઇએ વ્યાજબી શંકા હોવી જોઇએ કે સામાન્ય સમજ ધરાવાતા વ્યક્તિ તરીકે સ્વીકારી શકાય. આમ, આ સર્વ સામાન્ય સિધ્ધાંતને ધ્યાનમાં રાખી ભારતીય પુરાવા અધીનીયમની કલમ ૩ "હકીકત", "પ્રસ્તુત", "વાદગ્રસ્ત હકીકત", "દસ્તાવેજ", "પુરાવો", "સાબીત થયેલી", "ના સાબીત થયેલી", "સાબીત ન થયેલી" વીગતો ને સંદર્ભે ધ્યાન મા રાખીને ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવેલ છે.

**૨૨.** હવે, આ કેસમાં ભોગ બનનારના પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા અદાલતે એ નિર્ણય કરવાનો રહે છે કે આ બાળ સાહેદ પુરાવો આપવા માટે સક્ષમ છે કે કેમ? સાહેદ નં.૦૪, ભોગ બનનારની ઉંમર ૧૨ વર્ષ, ૧૧ માસ, ૧૪ દિવસની હતી. નોંધનીય છે કે મારા પુરોગામીશ્રીએ ભોગ બનનારનો પુરાવો નોંધતા પહેલા અદાલત દ્વારા પ્રિલીમનરી ઈન્કવાયરી કરી માનસિક પરિપકવતા જોવા પ્રાથમિક પ્રશ્નોત્તરી કરવામાં આવેલ છે અને તેણી માનસિક રીતે પરિકવ જણાતી હોય તેમજ ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ-૧૨૪ મુજબ સક્ષમ સાહેદ જણાતા તેમજ બાળ સાહેદ સોગંદની અગત્યના સમજતા હોવાનું જણાતાં, તેઓને સોગંદ આપવામાં આવેલ અને તે રીતે તેઓનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**૨૩.** હવે, જયારે બળાત્કારનો આક્ષેપ હોય ત્યારે ભોગ બનનારનો પુરાવો સૌથી મહત્વનો બની રહે છે. આ કામે પ્રોસીકયુશન તરફે **સાહેદ નં.૦૪ તરીકે ભોગ બનનારને આંક-૧૩ થી** સોગંદ ઉપર તપાસેલા છે અને તેણીએ જુબાનીમાં જણાવેલ છે કે બનાવ તા.૦૧.૧૦.૨૦૨૫ ના રોજ બનેલો. બનાવના દિવસે અગીયાર

વાગ્યાના અરસામાં તેણી, તેણીના કાકાનો છોકરો તથા તેણીના ફોઇનો છોકરો બકરા ચરાવવા સારૂ ગામની સીમમાં ડુંગર બાજુ ગયેલા અને બપોરના બે–એક વાગ્યે તેણી ઘરે જમવા આવતી હતી તે વખતે રસ્તામાં વળાકમાં સુરેશભાઇ બાબુભાઇનાઓ બાઇક લઇને ઉભો હતો અને ત્યાં નજીકમાં ત્રણ બૈરા ખેતરમાં મકાઇ વાઢતા હતા તેમાંથી એક બૈરાએ કીધેલ કે સુરેશભાઇ સાથે જઇ પાણીનું કેરબુ ભરી લાવી. જેથી તેણી પાણીનો કેરબુ લઇ સુરેશ સાથે મોટર સાયકલ ઉપર બેસી, મંદિર નજીક આવેલ હેન્ડપંપમાંથી કેરબામાં પાણી ભરી બૈરાઓ કામ કરતા હતા ત્યાં પાછા આવેલા અને ત્યાં એક બૈરૂ આવેલુ અને તેણી પાસેથી પાણીનું ભરેલુ કેરબુ લઇને ખેતરમાં જતી રહેલી. તે પછી તેણીને **સુરેશભાઇએ તું કોની છોકરી છે તેમ પુછતાં, તેણીએ xxxx ની છોકરી છું તેમ કહેતાં સુરેશભાઇએ તેણીને કહેલ, હું તારા બાપાને ઓળખુ છું, તું મારી સાથે ચાલ તને ઘરે છોડી દઇશ તેમ કહેતાં તેણી મોટર સાયકલ ઉપર બેસી ગયેલ અને સુરેશભાઇએ મોટર સાયકલ ચલાવી થોડી આગળ લઇ જઇ ઉભી રાખી, નીચે ઉતરી સુરેશભાઇ કુવાવાળા ખેતરમાં ગયેલ અને પાછા આવીને તેણીને કહેલ કે પથ્થર ઉંચકવાનો છે તું મારી સાથે ચાલ તેમ કહેતાં તેણીએ ના પાડેલી, જેથી તેણીને બે હાથથી પકડીને ખેતરમાં લઇ ગયેલો અને ત્યાં તેણીની લેંઘી કાઢી તેણીની સાથે ખરાબ કામ કરેલુ અને જણાવેલ કે, કોઇને કહીશ તો તને મારી નાંખીશ. આ બનાવમાં તેણીને શરીરે પાછળના ભાગે છોલાઇ ગયેલુ. તે પછી તેણી ઘરે જતી રહેલી અને ઘરે જઇ બનાવની વાત કરેલ.** વધુમાં એમ પણ જણાવે છે કે, ત્યાર પછી તેણીના ભાઇએ ૧૧૨ માં ફોન કરતાં, મોડી રાતના ઝાલોદ થી ગાડી આવેલી અને તેઓ ગાડીમાં બેસી સંજેલી ગયેલા અને સંજેલી રાત રોકાયેલા. બીજા દિવસે તેણીના પિતા આવી જતાં ઝાલોદ પો.સ્ટેશનમાં ફરીયાદ કરવા ગયેલા ત્યાં તેની દાદીએ ફરીયાદ આપેલી. વધુમાં પોલીસ સ્ટેશનમાં તેણીની પુછપરછ કરેલી અને

પોલીસ તેણીને મેડીકલ કરાવવા માટે ઝાલોદ અને દાહોદ સરકારી દવાખાને લઈ ગયેલા ત્યાં તેણીની મેડીકલ ચકાસણી કરવામાં આવેલી અને તેણીનો જવાબ લેવા માટે ઝાલોદ કોર્ટમાં લઈ ગયેલા જયાં જજ સાહેબે તેણીનો જવાબ લીધેલો, જે તેણીના લખાવ્યા મુજબ લખેલો. વધુમાં તેણીને ખાનગી જા.નં.૬૧/૨૫ નું શીલબંધ કવર ખોલીને તેમાંથી નીકળેલ બી.એન.એસ.એસ.કલમ-૧૮૩ મુજબનું નિવેદન બતાવતા, તે તેણીના લખાવ્યા મુજબ જજ સાહેબે લખેલુ અને તેમાં નીચે તેણીની સહી ઓળખી બતાવે છે, જે બી.એન.એસ.એસ.કલમ-૧૮૩ મુજબનું નિવેદન આંક-૧૪ થી રેકર્ડ ઉપર રજુ છે. વધુમાં તેણીએ બનાવ સમયે કપડા રજુ કરેલા જે પોલીસે લીધેલા, જેમાં એક મેહંદી કલરનો લેન્ઘો, પીસ્તા કલરનો ડ્રેસ તથા પોપટી કલરની નીકર હતી જે તેણીએ પોલીસમાં રજુ કરેલા, જે કપડા તેણીને બતાવવામાં આવતા તે તેજ છે તેમ કહી ઓળખી બતાવેલ છે તેમજ ચાર્જશીટમાંથી આરોપીનો ફોટો બતાવતા તેણીની સુરેશભાઇ બાબુભાઈ ભેદીને ઓળખી બતાવેલ છે.

**૨૪.** ભોગ બનનારની બચાવ પક્ષે લંબાણપૂર્વક ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં સુરેશ તેમના ગામનો છે અને સુરેશને બનાવના એક વર્ષ પહેલાથી ઓળખતી હતી તેમ કબુલ રાખેલ છે. વધુમાં કબુલ રાખે છે કે તેણીની સાથે ખરાબ કામ થઈ ગયા બાદ આજુબાજુના ખેતરમાં કામ કરી રહેલ માણસોને તેણીએ કહેલ ન હતુ કે તેણીની સાથે ખરાબ કામ થયેલ છે. તેણીની સાથે જે ખરાબ કામ થયેલુ ત્યાંથી ત્રણ બૈરાઓ હતા તે વચ્ચે એક ડુંગરીનુ અંતર હતુ અને તેણી સાથે ખરાબ કામ થઈ ગયા બાદ ડુંગરી ઉપર ચઢીને કામ કરી રહેલા ત્રણ બૈરાઓને જણાવેલ નહિ કે તેણીની સાથે ખરાબ કામ થયેલ છે તેમ કબુલ રાખેલ છે અને સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મેં મારી મમ્મીને જણાવેલુ. વધુમાં ફરીયાદ આપવા તેણી સાથે ગયેલી

અને ત્રીજી તારીખે તેની દાદીએ ફરીયાદ આપેલી અને તે દિવસે પોલીસે તેણીનો જવાબ લીધેલો અને જવાબ આપેલો તે તેણીએ વાંચેલો તેમ કબુલ રાખેલ છે. વધુમાં તેણીનો જવાબ લીધા પછી બીજી વખત પોલીસે તેણીનો જવાબ ડોકટરનો રીપોર્ટ કરાવ્યા પછી ગરબાડા ખાતે લીધેલો તેમ કબુલ રાખેલ છે. વધુમાં ડોકટર પાસે લઈ ગયા ત્યારે તેણીની સાથે તેણીની દાદી, મમ્મી અને પપ્પા હતા તેમ કબુલ રાખેલ છે. વધુમાં તેની દાદીએ જે ફરીયાદ આપેલી તે મુજબ તેણીનો જવાબ પોલીસે લખી લીધેલો. વધુમાં તેણીએ જજ સાહેબને શું જવાબ આપવાનો તેની સમજ કરેલી અને તેણીને સમજ કરેલી તે મુજબ તેણીએ જજ સાહેબને જવાબ આપેલો તેમ કબુલ રાખેલ છે. વધુમાં ડોકટર સાહેબને તેણીએ સુરેશનું નામ આપેલ ન હતુ તેનો ઈન્કાર કરેલ છે. વધુમાં આરોપીની ગાડી ઉપર પાણી લઇ પરત આવ્યા બાઇક ઉપરથી પડી જતાં ઈજા થયેલી તે સંબંધે આરોપી પાસે નુકશાનીના પૈસાની માંગણી કરતા, આરોપીએ નાણાં નહી આપતાં આરોપી વિરૂધ્ધ ખોટા આક્ષેપ કરી તેની દાદીએ આપેલ ફરીયાદના સમર્થનમાં ખોટી જુબાની આપેલ હોવાનો ઈન્કાર કરેલ છે.

**૨૫.** આ કામે ભોગ બનનારના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સૌથી મહત્વની બાબત એ છે કે, બનાવ સમયે ભોગ બનનારની ઉંમર માત્ર **૧૨ વર્ષ, ૧૧ માસ, ૧૪ દિવસની** હતી. જયારે આરોપીની ઉંમર ૩૪ વર્ષની છે અને એ સાપક્ષેમાં હવે ભોગ બનનારના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો બચાવપક્ષ તરફથી ઉપરોકત જે પ્રકારની પ્રશ્નોત્તરી કરેલ છે તે જોતાં બચાવ પક્ષે ભોગ બનનારના ઉપરોકત પુરાવામાં શંકા ઉપસ્થિત થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. બચાવપક્ષ તરફથી અલગ અલગ સ્વરૂપે પ્રશ્નોત્તરી કરેલ છે જેમાં ખરાબ કામ થઇ ગયા બાદ આજુબાજુના ખેતરમાં કામ કરતા માણસોને કોઈ વાત કરેલ નથી,

પરંતુ ભોગ બનનારે તેણીની સાથે આરોપીએ જે દુષ્કર્મ આચરેલાનું જણાવેલ છે તે હકિકત બચાવ પક્ષે સ્પષ્ટપણે પડકારેલ નથી. બચાવપક્ષ તરફથી ક્ષુલ્લક ક્ષુલ્લક બાબતે અલગ અલગ સ્વરૂપે પ્રશ્નોત્તરી કરેલ છે જેમાં પણ ભોગ બનનાર સહેજ પણ વિચલીત થયેલ નથી અને પોતાની સરતપાસની મુખ્ય હકીકતોને ચુસ્તપણે ઉલટતપાસમા પણ વળગી રહેલ છે. જેથી આરોપી તેણીને બે હાથથી પકડીને ખેતરમાં લઈ ગયેલો અને ત્યાં જઈ તેણીની લેન્ઘી કાઢી તેણીની સાથે ખરાબ કામ (દુષ્કર્મ)કરેલુ તેવી જે હકીકત જણાવેલ છે તેને ન માનવા માટે કોઈ જ કારણ જણાતુ નથી.વધુમાં ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું આંક–૧૪ થી નિવેદન રજુ થયેલ છે તેમાં પણ ભોગ બનનારે બનાવ બાબતની હકિકતો સ્પષ્ટપણે જણાવેલ છે. વળી, આંક–૧૪ વાળા બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબના નિવેદન અનુસંધાને બચાવપક્ષ તરફથી કોઈ મહત્વની ઉલટતપાસ કરવામા આવેલ નથી કે ભોગ બનનાર સરતપાસમા જે હકિકતો જણાવે છે તેની વિરુધ્ધની કોઈ હકિકતો ઉલટતપાસ દરમ્યાન બહાર કઢાવી શકેલ નથી. આમ, દરેક તબકકે ભોગ બનનારે એકસૂત્રતાવાળો પુરાવો રજુ રાખેલ છે. બચાવપક્ષ તરફથી એવી કોઈ મહત્વની ફળદાયી હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી કે જેથી ભોગ બનનારના પુરાવામાં શંકા ઉપસ્થિત થાય. આમ, ઉપરોકત પુરાવો જોતાં ભોગ બનનારનો પુરાવો **creditworthy, reliable and trustworthy** હોવાનું આ અદાલતને જણાઈ આવે છે અને એ સંજોગોમાં પ્રોસીકયુશન તરફથી પોકસો એકટની **કલમ–૨૯ અને ૩૦** અન્વયેના કાયદાકીય અનુમાન આરોપીની વિરુધ્ધમાં અસ્તિત્વમા આવે તે અંગેનો ફાઉન્ડેશનલ ફેકટસ અંગેનો માનવાલાયક પુરાવો રજુ રાખવામા આવેલ છે અને તેવા આરોપી વિરુધ્ધમા અનુમાન કરવામા આવે છે અને હવે આરોપીએ પોકસો એકટની **કલમ–૨૯ અને કલમ–૩૦** અન્વયેના કાયદાકીય અનુમાનનું ખંડન થઈ શકે તેવો પુરાવો રજુ

રાખેલ છે કે કેમ તે અંગેનો નિર્ણય કરવાનો રહે છે.

**૨૬.** આ કામે બચાવપક્ષે ભોગ બનનાર ની ઉલટતપાસ કરીને અનુમાનને ખંડન કરવાના પ્રયત્ન કરેલ છે. પરંતુ ઉપરોક્ત ચર્ચા કરી તે મુજબ ભોગ બનનાર પોતાની સરતપાસની હકિકતોને ઉલટતપાસ દરમ્યાન પણ ચુસ્તપણે વળગી રહે છે. ભોગ બનનારને ઈજા પહોચાડી ધમકી આપી જબરદસ્તી કોઇ દુષ્કર્મ કરેલ જ નથી તે વિરુધ્ધની કોઈ હકિકત બચાવપક્ષ રેકોર્ડ પર લાવી શકેલ નથી. બચાવપક્ષે મુખ્યત્વે દલીલ કરેલ છે કે ભોગ બનનાર ઉલટતપાસ દરમ્યાન કબુલ રાખેલ છે કે સમજ કરેલ તે મુજબ તેઓએ જજ સાહેબ પાસે જવાબ આપેલો, જેથી ભોગ બનનાર શીખવાડેલ સાહેદ હોય તેઓની જુબાની ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠેરવી શકાય નહી. આરોપી તરફે સદર દલીલના સમર્થનમાં નામદાર સુપ્રિમ કોર્ટે **૨૦૦૯(૩)જી.એલ.એચ. પેજ નં.૨૬૦ ઉપર પ્રસિધ્ધ થયેલ ગૌરીશંકર સ્વામીગાલુ વિ. સ્ટેટ ઓફ કર્ણાટક અને બીજાઓનો** ચુકાદો રજુ કરેલ છે. પરંતુ તે વંચાણે લેવામા આવે તો નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે જ્યારે સાંયોગિક પુરાવા અને ફરીયાદ પક્ષના કેસ વચ્ચે અસંગતતાઓ હોય અને ફરીયાદ પક્ષના કેસમા મોટી ખામીઓ જણાયેલ હોય અને શંકાસ્પદ કેસ જણાય ત્યારે આરોપીને તકસીરવાન ઠેરવી શકાય નહી. હાલના કેસમા સાંયોગિક પુરાવા અને ફરીયાદ પક્ષના કેસ વચ્ચે અસંગતતાઓ હોવાની કે કેસમા મોટી ખામીઓ હોવાની કોઇ હકીકત જણાય આવતી ન હોય સદર ચુકાદો બચાવ પક્ષને મદદકર્તા ન હોવાનુ મારુ માનવુ છે.

**૨૭.** ભોગ બનનાર શીખવાડેલ સાહેદ હોય ત્યારે તેઓની જુબાનીના આધારે ફરીયાદ પક્ષના કેસમા શંકા ઉભી થતી હોવાની દલીલ કરી **નામદાર ગુજરાત હાઇકોર્ટે ૨૦૧૨(૦) એઆઈજેઇએલ–હા.કો.,**

**પેજ નં.૨૨૭૩૪૫** ઉપર પ્રસિધ્ધ થયેલ **ઉત્તમપ્રકાશ ઓમકારનાથ શુકલા વિ. સ્ટેટ ઓફ ગુજરાત**નો ચુકાદો રજુ કરેલ છે. જેમા માત્ર શીખવાડેલ બાળસાક્ષીના પુરાવાના આધારે આરોપીને તકસીરવાન ઠેરવી શકાય નહી તેવું ઠેરવેલ છે. હાલના કામે જોવામા આવે તો ભોગ બનનાર સાક્ષી વીટનેશ બોક્ષમાં દાખલ થતા પહેલા તેઓને શીખવાડવામા આવેલ હોય તેવો કોઇ બચાવ આરોપી તર્ફે લેવામા આવેલ નથી. બીએનએસએસ ની કલમ-૧૮૩ મુજબ મેજીસ્ટ્રેટ રુબરુના નિવેદનમા સમજ કરવામા આવેલ તે મુજબનો જવાબ લખાવેલ હોવાનુ ભોગ બનનાર કબુલ રાખતા હોવાથી ભોગ બનનાર શીખવાડેલ સાહેદ હોવાનો બચાવ લેવામા આવેલ છે. સાક્ષી વીટનેશ બોક્ષમાં આવતા પહેલા પણ ભોગ બનનારને શીખવાડવામા આવેલ હોય તેવી કોઇ હકિકત જણાય આવતી નથી. ભોગ બનનારની જુબાનીમા એવી કોઇ હકિકત જણાય આવતી નથી કે તેઓની જુબાનીમા શંકા ઉભી થાય. તેવા સંજોગોમા બચાવપક્ષે રજુ કરેલ આ ચુકાદાઓની તથા પ્રસ્તુત કેસની હકિકતો તદ્દન વિપરીત હોય બચાવપક્ષે રજુ કરેલ આ ચુકાદાએ બચાવપક્ષને મદદકર્તા ન હોવાનુ મારુ નમ્રપણે માનવુ છે. જેથી બચાવપક્ષની આ દલીલ પણ ગ્રાહ્ય રાખવાપાત્ર જણાતી નથી.

૨૮. વધુમા આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલતનુ **Dattu Ramrao Sakhare and ors Versus State of Maharashtra, reported as AIRONLINE 1997 SC 182** નો ચુકાદો વંચાણે લેવામા આવે તો તેમા નામદાર સુપ્રિમ કોર્ટે ઠેરવેલ છે કે જો બાળ સાહેદ પ્રશ્નો સમજવા અને તેના તર્ક સંગત જવાબ આપવા સક્ષમ હોય તથા તેની જુબાની વિશ્વસનીય અને સ્વાભાવિક જણાય તો માત્ર તેની જુબાનીના આધારે પણ આરોપીને દોષિત ઠેરવી શકાય છે. હાલના કામે ભોગ બનનાર ની જુબાની પણ વિશ્વસનીય અને સ્વાભાવિક જણાય છે. સમજ કરેલ તે મુજબ તેઓએ જજ સાહેબ પાસે જવાબ

આપેલો હોવાની હકિકત જણાવતા હોવાના માત્ર કારણસર સદર સાહેદ શીખવાડેલ સાહેદ હોય કે તેઓના પુરાવામા શંકા ઉભી થતી હોય તેવી કોઇ હકિકત જણાય આવતી નથી. જેથી બચાવપક્ષની આ દલીલ ગ્રાહ્ય રાખવાપાત્ર જણાતી નથી.

**૨૯.** આરોપી તર્ફે અન્ય દલીલ કરેલ છે કે ભોગ બનનારની જુબાની તથા ડોક્ટર સાહેદ સમક્ષની હિસ્ટ્રી અને બીએનએસએસ કલમ-૧૮૩ ના ભોગ બનનારના નિવેદનમા વિરોધાભાસ જણાય આવે છે. ભોગ બનનારની જુબાની તથા ડોક્ટર સાહેદ સમક્ષની હિસ્ટ્રી અને બીએનએસએસ કલમ-૧૮૩ ના ભોગ બનનારનું નિવેદન જોવામાં આવે તો આ કામના આરોપીએ તેણીની મરજી વિરુધ્ધ દુષ્કર્મ કરેલ હોવાની હકિકત સ્પષ્ટપણે જણાવે છે. કોઇ મહત્વનો વિરોધાભાસ હોવાનુ જણાય આવતુ નથી. સામાન્ય રીતે કોઇ પણ સાહેદ જુબાની આપતા હોય ત્યારે નિવેદનમા જણાવેલ શબ્દસહ પુરાવો રજુ રાખે તેવી અપેક્ષા રાખી શકાય નહી. વધુમા સાહેદના પુરાવામાં નાની બાબતે કોઇ વિરોધાભાસ આવેલ હોય કે કોઇ વિસંગતતા આવેલ હોય તો તે ફરિયાદપક્ષના મુળ કેસને અસર કરતો ન હોય તો તે વિસંગતતા ગણી શકાય નહી. તે સંજોગોમા માત્ર વિરોધાભાસ આવેલ હોવાની બચાવપક્ષની તકરાર સ્વિકારવા પાત્ર જણાતી નથી.

**૩૦.** આરોપી તર્ફે અન્ય બચાવ લીધેલ છે કે જો જબરદસ્તી કરેલ હોય કે ભોગ બનનારની સંમતિ વિરુધ્ધ દુષ્કર્મ કરેલ હોય તો બનાવ સ્થળની બાજુમા કામ કરતા લોકોને તુરંત જાણ કરેલ હોય કે ભોગ બનનાર ના કપડા પણ ફાટી ગયેલ હોય પરંતુ હાલના કામે આવી કોઈ હકિકત જણાય આવતી ન હોય કેસમા શંકા ઉભી થાય છે. બચાવપક્ષે આવા બચાવ લઇ ભોગ બનનારની સંમતિ વિરુધ્ધ કોઇ કૃત્ય થયેલ ન હોવાનો બચાવ લીધેલ છે. હાલના કામે ભોગ બનનાર માત્ર **૧૨ વર્ષ, ૧૧ માસ, ૧૪ દિવસની** હોય જ્યારે

આરોપીની ઉમર ૩૪ વર્ષ હોય તે સાપેક્ષમા તેણી ૧૮ વર્ષથી નાની બાળક હોય ત્યારે તેણીની સંમતી કાયદેસરની સંમતી ગણી શકાય નહી અને તે સમયે ભોગ બનનાર તેના માતાપિતાના કાયદેસરના વાલીપણામા હતી અને આરોપીએ સંમતિ વગર ભોગ બનનારનો કબજો ખસેડેલ છે. આ તબ્કકે નામદાર ગુજરાત હાઈકોર્ટનો **Ram Suhani Ram Subhay Bachusihani Maria Versus State of Gujarat reported in 2008 (3) GLH 756** નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી છે, જેમા નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠેરવેલ છે કે "When the victim is minor then her consent is immaterial even if the relationship was consensual." હાલના કામે પણ ભોગ બનનાર સગીર છે જેથી જો તેની સમંતિ હોય તો પણ તેની સમંતિ કાયદેસરની સમંતિ ગણી શકાય નહી.

**૩૧.** આ અનુસંધાને નામદાર ગુજરાત હાઈકોર્ટના **State of Gujarat Versus Ashok Mavjibhai Parmar reported in 2018 (4) GLR 3184** ના ચુકાદામા એમ ઠરાવેલ છે કે,

"The consent of victim below 18 years is immaterial even if there was love relationship and even there was a love affair and relationship was consensual. The Hon'ble Court had discussed the provisions of the act and held that the act of sexual relationship with minor victim girl is attract the offence which provides for stringent punishment under the statute." આમ,બનાવ સ્થળની બાજુમા કામ કરતા લોકોને તુરંત જાણ કરેલ ન હોવાથી કે ભોગ બનનાર ના કપડા ફાટી ગયેલ ન હોવા માત્રથી આવો બનાવ બનેલ જ નથી કે જબરદસ્તી કરી દુષ્કર્મ કરવામા આવેલ જ નથી તેમ માની શકાય નહી.

**૩૨.** હવે ભોગ બનનારના પુરાવાના સમર્થનમાં અન્ય પુરાવો જોઈએ તો, ભોગ બનનારે બનાવ બન્યા બાદ તે અંગેની જાણ સૌ પ્રથમ તેની

માતા અને દાદીને કરેલ છે. આ કામે પ્રોસીકયુશન તરફે **સાહેદ નં.૦૧ તરીકે ભોગ બનનારની દાદીને આંક-૦૬ થી** તથા ભોગ બનનારની માતાને આંક ૧૧ થી સોગંદ ઉપર તપાસેલા છે અને તેઓ જુબાનીમાં જણાવેલ છે કે બનાવ તા.૦૧/૧૦/૨૦૨૫ ના રોજ બનેલો. તે દિવસે તેઓ ઘરે હતા. તે દિવસે ૧૧:૦૦ વાગ્યાના અરસામા ભોગ બનનાર તથા સુક્રમ અને સતિષ એ રીતેના બકરા ચરાવવા સારૂ હિરોલા તથા કદવાળ ગામની સીમમાં આવેલ પાનવા બાજુ ગયેલા અને તે દિવસે ૦૩:૦૦ વાગ્યાના અરસામાં તેમની ભોગ બનનાર પૌત્રી રડતી ઘરે આવેલી જેથી તેઓએ તેને કેમ રડે છે તેમ પુછતાં ભોગ બનનારે જણાવેલ કે, ''હું બકરા પાનવે મુકી બપોરના બેએક વાગ્યાના અરસામાં ઘરે જમવા આવતી હતી તેવામાં રોડ ઉપર આપણા ગામનો સુરેશ બાબુભાઈ ભેદી મોટર સાયકલ લઈને ઉભો હતો અને રોડની નજીકમાં આવેલ ત્રણ બૈરા મકાઈ વાઢતા હતા અને તેવામાં હું રોડ ઉપર થી પસાર થતી હતી ત્યારે આ ત્રણ બૈરાઓએ મને જોયેલ તેમાંથી એક બૈરાએ બુમો પાડી ને કહેલ કે છોકરી તું આ કારબુ લઈને સુરેશ સાથે હેન્ડ પંપથી પાણી ભરી લાવ તેમ કહેલ અને સુરેશભાઈએ મો.સા. ચાલુ કરેલ અને હું પાણીનું કેરબુ લઈને તેની પાછળ મોટર સાયકલ ઉપર બેસી ગયેલ અને થોડે આગળ આવેલ હેન્ડ પંપથી કેરબામાં પાણી ભરી લઈ હું તથા સુરેશભાઈ એમ પાછા બૈરાઓ કામ કરતા હતા ત્યાં પાણી આપવા માટે ગયેલા અને ત્યાં તેઓને પાણીનુ કેરબુ આપેલું, તેવામાં મને સુરેશભાઈએ પૂછેલ કે તું કોની છોકરી છે તેમ પૂછતા મેં xxxx ની છોકરી છું તેમ કહેતા સુરેશભાઈને મને કહેલ કે હું તારા બાપા xxxx ને ઓળખુ છુ તું મારી મોટર સાયકલ ઉપર બેસી જા તને ઘરે છોડી દઉ તેમ કહેતા હું મોટર સાયકલ પર બેસી ગયેલી અને થોડાક આગળ આવતા વળાંક પર મોટર સાયકલ ઉભી રાખી જણાવેલ કે, પથ્થર ઉચકવાના છે તું મારી સાથે ચાલ તેમ કહેતા મેં તેની સાથે જવાની ના પાડતા તે મને હાથે પકડીને કોતર બાજુ લઈ

ગયેલ'' ત્યાં ભોગ બનનારે બુમો પાડતા તેને કહેલ કે બુમો પાડીશ તો તને મારી નાંખીશ, ભોગ બનનારને નીચે પાડી દઈ મોઢુ દબાવી દીધેલ અને તેના કપડા કાઢી નાખી તેની સાથે ખરાબ કામ કરેલુ તેવી વાત ભોગ બનનારે કરેલ હોય ભોગ બનનારની દાદીએ હાલની ફરિયાદ આપેલ છે.

**૩૩.** સદર સાહેદોની ઉલટતપાસમા બચાવ પક્ષ તરફે બચાવ લીધેલ છે કે ફરીયાદ બે દિવસ વિલંબથી આપેલી છે તેમજ બનાવ તેણીએ નજરે જોયેલો નથી તેમજ આરોપી વિરૂધ્ધ પાછળથી ખોટા આક્ષેપો કરી આરોપી પાસેથી નાણાં પડાવવા માટે કરેલ હોવાનો અને ભોગ બનનાર બાઈક ઉપર થી પડી જવાથી તેની નુકશાનીનો ખર્ચ આરોપી તરફથી ના આપતાં, આરોપી વિરૂધ્ધ હાલની ખોટી ફરીયાદ આપવામાં આવેલ છે. સદર સાહેદોએ બે દિવસ વિલંબથી ફરિયાદ આપેલ હોવાનુ તથા બનાવ નજરે જોયેલ ન હોવાનુ કબુલ રાખે છે પરંતુ ભોગ બનનાર બાઇક પરથી પડી જવાનુ તથા ખોટી ફરિયાદ કરેલ હોવાનુ સ્પષ્ટપણે નકારી કાઢે છે.

**૩૪.** આ કામે ભોગ બનનારની દાદી તથા માતાના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ભોગ બનનારને પોતાની બાઇક પર બેસાડી લઇ જઇ આરોપીએ તેણીની સાથે જબરદસ્તીથી દુષ્કર્મ કરેલ હોવાની હકિકતને ચુસ્તપણે વળગી રહે છે. બનાવ સંદર્ભે ભોગ બનનારની દાદી તથા માતાના પુરાવાથી ભોગ બનનારની જુબાનીને સમર્થન પ્રાપ્ત થાય છે. બનાવ બન્યા બાદ ભોગ બનનારે સૌ પ્રથમ પોતાની માતાને અને દાદીને બનાવની હકીકત જણાવેલી, જેને પણ ભોગ બનનારની દાદી તથા માતાના પુરાવાથી સમર્થન મળે છે. બચાવ પક્ષ તરફથી સદર સાહેદોની ઉલટ તપાસ થકી એવી કોઇ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી કે જેથી ભોગ બનનાર સાથે જે બનાવ બનેલ છે તેમાં શંકા ઉપસ્થીત થાય.

**૩૫.** આરોપી તર્ફે દલીલ કરેલ છે કે ફરિયાદ બે દિવસ મોડી આપવામા આવેલ હોય ફરિયાદ શંકા ઉપજાવે તેવી છે, જેથી આરોપીને તકસીરવાન ઠેરવી શકાય નહી. આરોપી તર્ફે પોતાની આ દલીલના સમર્થનમાં નામદાર સુપ્રિમ કોર્ટે **૨૦૦૯(૩)જી.એલ.એચ. પેજ નં.૨૬૦ ઉપર પ્રસિધ્ધ થયેલ ગૌરીશંકર સ્વામીગાલુ વિ. સ્ટેટ ઓફ કર્ણાટક અને બીજાઓનો** ચુકાદો રજુ કરેલ છે, જેમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, Delay in lodging of FIR although by itself may not be a ground to disbelieve the entire prosecution case, but each case must be judged on its own facts. સદર ચુકાદા મુજબ મોડી ફરીયાદ આપવામા આવેલ હોય તો માત્ર તે કારણોસર ફરીયાદ પક્ષના કેસને ગંભીર અસર થતી નથી. આરોપી તર્ફ રજુ કરવામા આવેલ આ ચુકાદો બચાવપક્ષના બચાવને નહી પરંતુ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતો ચુકાદો જણાય આવે છે. હાલના કેસમા ફરીયાદ તથા ફરીયાદીની જુબાની જોતા બનાવના દિવસે ભોગ બનનારના પિતા કામકાજ અર્થે સુરત બાજુ મજુરી કામ માટે ગયેલ હોય જેથી તેઓને ફોનથી બનાવની જાણ કરતા તેઓએ હું આવુ પછી ફરિયાદ કરવા જણાવેલ હોય અને ભોગ બનનારના પિતા તારીખ ૩.૧૦.૨૦૨૫ ના રોજ સુરત થી પરત ફરતા હાલની ફરીયાદ આપેલ હોવાનું જણાય છે. જેથી બે દિવસ ફરીયાદ આપવામાં વિલંબ થયેલ હોય તે વિલંબ ઉપરોકત કારણોસાથે ક્ષમ્ય છે, જે મારી દ્રષ્ટીએ ઘાતક નીવડતો નથી. જેથી બનાવ તા.૦૧.૧૦.૨૦૨૫ ના રોજ બનેલ છે, અને તેની ફરીયાદ તા.૦૩.૧૦.૨૦૨૫ ના રોજ આપેલ છે તે વિલંબની તકરાર સ્વીકારવા પાત્ર રહેતી નથી.આ તબકકે ફરીયાદ મોડી આપવાનું કારણ કે ખુલાસો પ્રોસીકયુશને રજુ રાખેલ હોય તો તે વિલંબ ક્ષમ્ય છે. આ અનુસંધાને નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદો રીફર કરવો જરૂરી જણાય છે.

In **State of Punjab v. Gurmit Singh [State of Punjab v. Gurmit Singh, (1996) 2 SCC 384],** this Court held that in cases involving sexual harassment, molestation, etc. the court is duty-bound to deal with such cases with utmost sensitivity. Minor contradictions or insignificant discrepancies in the statement of a prosecutrix should not be a ground for throwing out an otherwise reliable prosecution case. Evidence of the victim of sexual assault is enough for conviction and it does not require any corroboration unless there are compelling reasons for seeking corroboration. The court may look for some assurances of her statement to satisfy judicial conscience. The statement of the prosecutrix is more reliable than that of an injured witness as she is not an accomplice. **The Court further held that the delay in filing FIR for sexual offence may not be even properly explained, but if found natural, the accused cannot be given any benefit thereof.** The Court observed as under: (SCC pp. 394-96 & 403, paras 8 & 21)

'8. ....The court overlooked the situation in which a poor helpless minor girl had found herself in the company of three desperate young men who were threatening her and preventing her from raising any alarm. Again, if the investigating officer did not conduct the investigation properly or was negligent in not being able to trace out the driver or the car, how can that become a ground to discredit the testimony of the prosecutrix? The prosecutrix had no control over the investigating agency and the negligence of an investigating officer could not affect the credibility of the statement of the prosecutrix. ....The courts must, while evaluating evidence, remain alive to the fact that in a case of rape, no self-

respecting woman would come forward in a court just to make a humiliating statement against her honour such as is involved in the commission of rape on her. In cases involving sexual molestation, supposed considerations which have no material effect on the veracity of the prosecution case or even discrepancies in the statement of the prosecutrix should not, unless the discrepancies are such which are of fatal nature, be allowed to throw out an otherwise reliable prosecution 10 case....... Seeking corroboration of her statement before relying upon the same, as a rule, in such cases amounts to adding insult to injury.... Corroboration as a condition for judicial reliance on the testimony of the prosecutrix is not a requirement of law but a guidance of prudence under given circumstances....

21. ....The courts should examine the broader probabilities of a case and not get swayed by minor contradictions or insignificant discrepancies in the statement of the prosecutrix, which are not of a fatal nature, to throw out an otherwise reliable prosecution case. If evidence of the prosecutrix inspires confidence, it must be relied upon without seeking corroboration of her statement in material particulars. If for some reason the court finds it difficult to place implicit reliance on her testimony, it may look for evidence which may lend assurance to her testimony, short of corroboration required in the case of an accomplice. The testimony of the prosecutrix must be appreciated in the background of the entire case and the trial court must be alive to its responsibility and be sensitive while dealing with cases involving sexual molestations.' (emphasis in original)

**૩૬.** આરોપી તર્ફે અન્ય બચાવ લીધેલ છે કે ફરીયાદીએ તથા ભોગબનનારની માતાએ બનાવ નજરે જોયેલ નથી, જેથી સદર સાહેદોની જુબાની ઉપરથી આ કામના આરોપીને તકસીરવાન ઠેરવી શકાય નહી. રેકોર્ડ જોતા સદર સાહેદો નજરે જોનાર સાહેદો નથી પરંતુ બનાવ બાદ તુરંત ભોગ બનનારને પુછતા ભોગ બનનારે સમગ્ર બનાવની હકીકત તેઓને જણાવેલી તેમજ ભોગ બનનારે પણ પોતાના પુરાવામા સ્પષ્ટપણે જણાવેલ છે કે તેણીએ બનાવની તમામ હકીકત બનાવ બાદ તુરંત તેણીના દાદી એટલે કે હાલના ફરીયાદીને અને તેણીની મમ્મીને જણાવેલી. ફરીયાદપક્ષના કેસ મુજબ પણ સદર સાહેદો નજરે જોનાર સાહેદો નથી. બનાવ બાદ ભોગ બનનારે તુરંત રડતા રડતા આવીને બનાવની હકીકત જણાવેલ છે અને ફરીયાદી તથા સદર સાહેદ તુરંત ભોગ બનનાર સાથે બનાવ સ્થળે ગયેલ છે અને તે સ્થળની આજુબાજુ કામ કરતા સાહેદોને બનાવની જાણ કરેલ છે. જેથી સદર સાહેદોની જુબાની તથા તેમનો પુરાવો જોતા તેઓને **સંબધીત તથ્ય અને કાર્ય સાથે સંકળાયેલ સાક્ષી તરીકે ગણવા જોઇએ એટલે કે રેસગેસ્ટે સાહેદો તરીકે ગણવા જોઇએ.** ભારતીય સાક્ષ્ય અધીનીય્રમની કલમ–૪ માં સમાવેશ થયેલ કાયદાના સિધ્ધાંત અને સામાન્ય રીતે અંગ્રેજી કાયદામા ઓળખાતા રેસગેસ્ટના નિયમ તરીકે જાણીતો છે. વાદગ્રસ્ત ન હોય છતા જે હકિકત વાદગ્રસ્ત હકિકત સાથે એવી રીતે સંકળાયેલી હોય કે તે એક જ બનાવના ભાગરુપ બનતી હોય, તો તે હકીકત પ્રસ્તુત ગણાય પછી ભલે તે એક જ સમયે અને સ્થળે બનેલ હોય કે જુદા જુદા સ્થળે અને સમયે બનેલી હોય. સામાન્ય રીતે સાંભળેલો પુરાવો લાગુ પડતો નથી તેવા સામાન્ય નિયમનો આ નિયમ અપવાદ છે તેમ કહી શકાય. રેસગેસ્ટે સિધ્ધાંતનો મર્મ એ છે કે વિવાદમા ન હોય છતા તે વિવાદી હકિકત સાથે તે વ્યવહારના એક ભાગ બનતી હોય તે રીતે જોડાયેલી હોય તો તે તેટલા માત્રથી

જ તે પ્રસ્તુત બની જાય છે. જેથી સદર સાહેદોની જુબાની તથા તેમનો પુરાવો જોતા તેઓને સંબધીત તથ્ય અને કાર્ય સાથે સંકળાયેલ સાક્ષી તરીકે ગણવા જોઇએ એટલે કે રેસગેસ્ટે સાહેદો તરીકે ગણવા જોઇએ. વધુમા બચાવપક્ષે સદર ફરીયાદી તથા સાહેદે જાહેર કરેલ હકીકતોને ગંભીરતાપુર્વક પડકારેલ જ નથી કે તેની સામે કોઇ વાંધા કે તકરાર રજુ કરેલ નથી, જેથી સદર ફરીયાદી તથા સાહેદની જુબાની ન માનવાને કારણ નથી. જેથી ફરીયાદી તથા સદર સાહેદ નજરે જોનાર સાહેદ ન હોય આરોપીને છોડી મુકવાની બચાવપક્ષની દલીલ માનવા યોગ્ય જણાતી નથી.

૩૭. આ કામે પ્રોસીકયુશન તરફે **સાહેદ નં.૦૨ તરીકે ભોગ બનનારના પિતાને આંક-૧૦ થી** સોગંદ ઉપર તપાસેલા છે અને તેઓ જુબાનીમાં જણાવેલ છે કે બનાવ તા.૦૧.૧૦.૨૦૨૫ ના રોજ બનેલો અને તે દિવસે તેઓ મજુરી કામે સુરત મુકામે હતા ત્યારે તેમની પત્નીનો બપોરના સમયે ફોન આવેલો અને સમગ્ર બનાવની જાણ કરેલ પરંતુ સદર સાહેદે જણાવેલ કે આજે મારી પાસે ભાડુ નથી એટલે કાલે મજુરીના પૈસા લઈને ઘરે આવુ છું. ત્યારબાદ તા.૦૨.૧૦.૨૦૨૫ ના રોજ મજુરી કરી બસમાં બેસી ઘરે આવવા નીકળેલા અને તા.૦૩.૧૦.૨૦૨૫ ના રોજ સવારના દસેક વાગ્યે સંજેલી પો.સ્ટે.માં પહોંચેલા અને ત્યાં તેમની માતાએ બનાવની ફરીયાદ આપેલી. ઉલટતપાસમા કબુલ રાખે છે કે બનાવ નજરે જોયેલ નથી તેમજ ઉલટતપાસ દરમ્યાન નકારી કાઢેલ છે કે આરોપી વિરૂધ્ધ પાછળથી ખોટા આક્ષેપો કરી, આરોપી પાસેથી નાણાં પડાવવા માટે કરેલી છે. આ કામે ભોગ બનનારના પિતાના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓ નજરે જોનાર સાહેદ નથી પરંતુ તેઓ ભોગ બનનારની જુબાનીને સમર્થન આપે છે. આવો કોઇ બનાવ બનેલ જ નથી કે તેવી કોઇ હકિકત સદર સાહેદની ઉલટતપાસ દરમ્યાન બચાવપક્ષ બહાર કઢાવી શકેલ નથી.

૩૮. આ કામે પ્રોસીકયુશન તરફે **સાહેદ નં.૦૫ તરીકે કવિતાબેન અલ્કેશભાઇ ડામોરને આંક–૧૫ થી તથા સાહેદ નં.૦૬ તરીકે રૂમાલીબેન રમેશભાઇ ડામોરને આંક–૧૬ થી** સોગંદ ઉપર તપાસેલા છે. ફરિયાદપક્ષના કેસ મુજબ સદર સાહેદોએ તા.૦૧.૧૦.૨૦૨૫ ના રોજ ભોગ બનનારને આરોપી સાથે કેરબામા પાણી ભરી લાવવા માટે જણાવેલ તે પછી બંને જણા હેન્ડપંપથી કેરબુ ભરીને લાવેલા અને તે પછી બંને જણા કયાં ગયેલા તેની ખબર ન હોવાનુ જણાવે છે. ફરીયાદ પક્ષના કેસ મુજબ બનાવ બાદ ભોગ બનનારે તેણીની દાદી અને માતાને બનાવની જાણ કરતા તેઓ બનાવ સ્થળે ગયેલ છે.સદર હકીકતને ભોગ બનનાર તથા ફરીયાદી અને ભોગ બનનારની માતા પણ સ્પષ્ટપણે જણાવે છે. આ કામના સદર સાહેદો પણ પોતાની જુબાનીમા સાંજના સમયે ભોગ બનનારના દાદી તથા ભોગ બનનાર તથા અન્ય વ્યક્તિ તેમની સાથે તેમના ખેતરે આવેલા અને ભોગ બનનાર પાસે પાણી કેમ મંગાવેલ તેમ જણાવી આરોપીએ ભોગ બનનારને હથિયાવી ગયેલ તેમ જણાવી તેઓ સાથે બોલાચાલી કરેલ. આરોપી તર્ફે સદર સાહેદોની વિગતવાર ઉલટતપાસ કરેલ છે પરંતુ બનાવ સમયે આરોપી ભોગ બનનારને બાઇક પર બેસાડી લઇ ગયેલ જ નથી તેવી કોઇ હકીકત રેકોર્ડ પર આવેલ નથી. ફરીયાદપક્ષે જે હકીકત પુરવાર કરવા માટે સદર સાહેદોને તપાસેલ છે તે હકીકત સદર સાહેદો પોતાની જુબાનીમા સ્પષ્ટપણે જણાવે છે તે વિરુધ્ધની કોઇ હકીકત બચાવપક્ષ રેકોર્ડ પર લાવી શકેલ નથી.

૩૯. હવે, ભોગ બનનારના પુરાવાને તબીબી સાહેદોના પુરાવા થકી સમર્થન મળે છે કે કેમ? અને તે અનુસંધાને ભોગ બનનારની શારીરિક તપાસણી કરનાર **સાહેદ નં.૧૦ તરીકે ડૉ.નિરવકુમાર આનંદસિંહ ડામોરનો** પુરાવો મહત્વનો બની રહે છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, તા.૦૩.૧૦.૨૦૨૫ ના રોજ તેઓ

ઝાલોદ સબ ડીસ્ટ્રીકટ હોસ્પીટલ ખાતે ફરજ ઉપર હાજર હતા ત્યારે યાદી સાથે ભોગ બનનારને મેડીકલ તપાસણી માટે લાવેલા. સદરહુ યાદી આધારે તેઓએ ભોગ બનનારની શારીરીક ચકાસણી કરવા માટે સંમતિ લીધેલી. ભોગ બનનારના ઓળખના ચિન્હો નોંધેલા અને બનાવ બાબતે પુછતાં ભોગ બનનારે *તા.૦૧.૧૦.૨૦૨૫ ના રોજ બપોરના ૧૧:૦૦ થી ૧૨:૦૦ ના અરસામાં બકરા ચરાવવા માટે ખેતર બાજુ ગઈ અને અંદાજે બે વાગ્યે આરોપીએ પાણી ભરવાના બહાને બળજબરીપૂર્વક મોઢુ દબાવીને અજાણી એકાંત જગ્યાએ લઈ જઈ મારી મરજી વિરૂધ્ધ શારીરીક સંબંધ બાંધેલો અને કોઈને પણ આ વાતની જાણ ન કરવા ધમકી આપેલ હોવાનું* જણાવેલ છે. ભોગ બનનારે બનાવ બાદ કપડા બદલેલ હતા અને રોજીંદી ક્રિયા કરેલ હતી. ભોગ બનનારની તપાસ કરતા શરીરના પાછળના ભાગે ડાબી બાજુ સ્કેપ્યુલા પર અનિયમીત આકારનો ૦.૧ x ૦.૨ સે.મી.નો એક ઉઝરડો હતો તેમજ શરીરના પાછળના ભાગે જમણી બાજુ લંબર રીઝયનમાં એલ–૩ ના મણકા પાસે એક અનિયમીત આકારનો ૦.૧ x ૦.૨ સે.મી.નો એક ઉઝરડો હતો. આ સિવાય બીજી કોઈ ઈજા જણાયેલ ન હતી. ભોગ બનનારની શારીરીક તપાસણી કર્યા બાદ ભોગ બનનારના શરીર ઉપરથી જરૂરી સેમ્પલો લીધેલા અને સીલબંધ હાલતમાં પોલીસ કર્મચારીને એફ.એસ.એલ.રીપોર્ટ માટે સેમ્પલ સુપ્રત કરેલા. વધુમાં, ભોગ બનનારની ગાયનેકોલોજીસ્ટ તથા રેડીયોલોજીસ્ટ માટે જનરલ હોસ્પીટલ દાહોદ ખાતે રફીર કરેલા. ભોગ બનનારનો યુ.એસ.જી. રીપોર્ટ નોર્મલ જણાયેલો, યુ.પી.ટી.ટેસ્ટ નેગેટીવ જણાયેલ અને પેથોલોજીસ્ટ ટેસ્ટ કરતા તેમાં કોઈ શુક્રાણુઓની હાજરી જોવા મળેલ નહી. વધુમાં તેઓના **અભિપ્રાય મુજબ ભોગ બનનારની શારીરિક તપાસ કરતા ભોગ બનનાર ઉપર જોર જુલમની ઈજાઓ જોવા મળેલ હતી જેથી ભોગ બનનાર સાથે શારીરિક, જાતીય અત્યાચાર થયેલ ન હોવાનું નકારી શકાય નહી.** આ સાહેદે આંક–૪૧ થી ભોગ

બનનારની શારીરીક તપાસણી કર્યા અંગેનું સર્ટીફીકેટ ઈસ્યુ કરેલ હોવાનું જણાઈ આવે છે તેમજ તે જ દિવસે આંક–૪૩ વાળી યાદીના આધારે આરોપી સુરેશભાઇ ઉર્ફે લાલાભાઇ બાબુભાઇ ભેદીની શારીરીક તપાસણી કરેલ છે. આરોપીની હિસ્ટ્રી નોંધેલ છે તેમજ આરોપીની શારીરીક તપાસણી કર્યા બાદ જરૂરી સેમ્પલ લીધેલ અને સીલબંધ હાલતમાં પોલીસ કર્મચારીને એફ.એસ.એલ.રીપોર્ટ માટે સેમ્પલ સુપ્રત કરેલા તેમજ આંક–૪૭ થી આરોપીની શારીરીક તપાસણી કર્યા અંગેનું સર્ટીફીકેટ ઈસ્યુ કરેલ હોવાનું જણાઈ આવે છે. તેઓના અભિપ્રાય મુજબ આરોપી શારીરીક સબંધ બાંધવા માટે સક્ષમ હોવાનું જણાવેલ છે.

**૪૦.** સદર સાહેદે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં કોઇ વ્યકિતનું બળજબરીથી મોઢુ કે હાથ દબાવી રાખવામાં આવે તો તે જગ્યાએ બળજબરીના નિશાનો આવે અને આવા કોઇ નિશાનો તેમની તપાસ દરમ્યાન જણાઇ આવેલા નહી તેમ કબુલ રાખેલ છે. ભોગ બનનારને એબ્રેજનની ઈજાઓ સિવાય શરીરે બીજી કોઈ ઈજાઓ ન હતી અને બળજબરીથી ખરબચડી અને પથરાળ જગ્યા ઉપર બળાત્કાર સંભોગ કરવામાં આવે તો શરીરના પાછળના ભાગે ઘણીબધી ઈજાઓ થઈ શકે તેમ કબુલ રાખેલ છે. વધુમાં ભોગ બનનારના શરીર ઉપર ઉઝરડાના નિશાન છે તે સંદર્ભે તેઓ ચોકકસપણે કહી શકે નહી કે ભોગ બનનાર સાથે જાતિય અત્યાચાર થયેલ છે તેમ કબુલ રાખેલ છે. વધુમાં કોઈ વ્યકિત બળજબરી કરે અને તેનો પ્રતિકાર કરવામાં આવે તો બળજબરી કરનાર વ્યકિત પર ઈજાના નિશાન આવી શકે તેમજ હાલના આરોપીના શરીર પર કોઈપણ પ્રકારની ઈજા કે એબ્રજનના નિશાનો જણાઈ આવેલા નહી તેમ કબુલ રાખેલ છે. વધુમાં એબ્રેજન માટે ઘણાબધા કારણો હોઈ શકે તેમ કબુલ રાખેલ છે.

૪૧. ઉપરોકત તબીબી સાહેદનો પુરાવો એકંદરે જોવામા આવે તો ભોગ બનનારને ચાદી સાથે હાજર રાખેલ હોવાનુ અને તેણીની પ્રાથમિક તપાસ અને ગાયનેક અને રેડીયોલોજીસ્ટ તપાસ થયેલ હોવાનું અને જરૂરી સેમ્પલ લીધેલ હોવાનું માની શકાય તેમ છે. સૌથી મહત્વની બાબત એ બની રહે છે કે ભોગ બનનારે તબીબી અધિકારી સમક્ષ તા.૦૧.૧૦.૨૦૨૫ ના રોજ આરોપીએ તેણીનું મોઢુ દબાવીને, એકાંત જગ્યાએ લઇ જઇ તેણીની મરજી વિરૂધ્ધ શારીરિક સંબંધ બાંધેલો તેવું સ્પષ્ટપણે જણાવેલ છે તે સંજોગોમાં ભોગ બનનાર સાથે શારીરીક સબંધ આરોપીએ બાંધેલ હોવાની હકીકત નિર્વિવાદ રીતે સાબિત થાય છે. તબીબી સાહેદ સ્વતંત્ર અને નિષ્પક્ષ સાહેદ હોય તેઓ સમક્ષ આપવામા આવેલ કેસ હિસ્ટ્રી ન માનવા માટે કોઇ કારણ નથી. વધુમા બળજબરીથી કોઇ વ્યકિત ઉપર ખરબચડી અને પથરાળ જગ્યા ઉપર બળાત્કાર કે સંભોગ કરવામા આવે તો શરીરના ભાગે ઘણીબધી ઈજાઓ થઇ શકે પરંતુ ભોગ બનનારને આવી કોઇ ઈજા ન હોવાથી ગુનો બનેલ ન હોવાનો બચાવ આરોપી તર્ફે ડોક્ટર સાહેદની ઉલટતપાસ દરમ્યાન લેવામા આવેલ છે. ભોગ બનનારને માઇનોર એબ્રેજન હોવાની હકિકત બચાવપક્ષ પોતે સુચક પ્રશ્નોથી કબુલ રાખે છે. વધુમા હાલના કામની ભોગ બનનાર સગીર વયની છે જેથી તેઓની સંમતી હોય તો પણ આવી સંમતિને કાયદેસરની સંમતી માની શકાય નહી, જેથી ભોગ બનનારના શરીર ઉપર બળજબરીના નિશાન જણાતા ન હોય આવો બનાવ બનેલ જ નથી તેવી બચાવપક્ષની દલીલ ગ્રાહ્ય રાખવા પાત્ર જણાતી નથી. વધુમા ભોગ બનનારના શરીર ઉપર એબ્રેજનની ઈજાઓ સિવાય અન્ય બળજબરીની કોઇ ઈજા જોવા મળેલ નથી. પરંતુ, બળાત્કારનો ગુનો પુરવાર કરવા માટે દરેક કિસ્સામાં ઈજા થવી જરૂરી નથી. તબીબી અભિપ્રાય મુજબ ભોગ બનનારના શરીર ઉપર જોર જુલમની ઈજાઓ જોવા મળેલ હતી જેથી ભોગ બનનાર સાથે શારીરિક, જાતીય અત્યાચાર થયેલ ન હોવાનું નકારી શકાય નહી તેમ જણાવેલુ

છે. આમ, ભોગ બનનારના પુરાવાને તબીબી પુરાવાથી સમર્થન પ્રાપ્ત થાય છે.

**૪૨.** હવે, ભોગ બનનારે બતાવેલ દુષ્કર્મવાળી જગ્યાના પંચ સાહેદોનો પુરાવો જોવામાં આવે તો, **સાહેદ નં.૦૭ તરીકે કૌશિકભાઇ સુરમલભાઇ ભાભોરને આંક–૧૭ થી** તપાસેલા છે. તેઓ ગુનાવાળી જગ્યાના તેમજ ભોગ બનનારના કપડા કબજે કર્યાના પંચનામાના પંચ છે. તેઓ પોતાની જુબાનીમા ભોગ બનનારના બતાવ્યા મુજબ ઝાલોદ પો.સ્ટેથી નીકળી બનાવવાળી જગ્યાએ ગયેલ હોવાનુ અને તે બાદ ભોગ બનનારે નીચે ઉતરી પગદંડી રસ્તે ચાલી જગ્યા બતાવેલી અને તે જગ્યાએ તેણીની સાથે દુષ્કર્મ કરેલ હોવાનું જણાવતા પોલીસે તેઓની હાજરીમાં ચર્તુથદિશાનું વિગતવાર પંચનામુ કરી તેમની સહીઓ લીધેલી, જે પંચનામુ આંક–૧૮ થી રેકર્ડ ઉપર રજુ રાખેલ છે. વધુમાં પોલીસ સ્ટેશનમાં આવ્યા બાદ ભોગ બનનારે તેણીની સાથે લાવેલ દુષ્કર્મ વખતે પહેરેલ કપડા રજુ કરેલા, જે કપડા વિગતવારનું પંચનામુ કરી તપાસ અર્થે કબજે લીધેલા અને તેમની સહીઓ લીધેલી, જે પંચનામુ આંક–૧૯ થી રેકર્ડ ઉપર રજુ રાખેલ છે. વધુમાં કપડા સાથે રજુ થયેલ પંચ કાપલી નંગ–૩ આંક–૨૦ થી આંક–૨૨ સુધીની રજુ રાખેલ છે તેમાં પંચ નં.૧ તરીકે તેમની અને પંચ નં.૨ તરીકે દિપીકાબેન રાઠોડની સહી ઓળખી બતાવે છે. વધુમાં તા.૦૬.૧૦.૨૦૨૫ ના રોજ આરોપીએ દુષ્કર્મ વખતે પહેરેલ કપડા રજુ કરેલા, જે કપડા વિગતવારનું પંચનામુ કરી તપાસ અર્થે કબજે લીધેલા અને તેમની સહીઓ લીધેલી, જે પંચનામુ આંક–૨૩ થી રેકર્ડ ઉપર રજુ રાખેલ છે. વધુમાં કપડા સાથે રજુ થયેલ પંચ કાપલી નંગ–૩ અનુક્રમે આંક–૨૪ થી આંક–૨૬ સુધીની રજુ રાખેલ છે તેમાં પંચ નં.૧ તરીકે તેમની અને પંચ નં.૨ તરીકે દિપીકાબેન રાઠોડની સહી ઓળખી બતાવે છે.

**૪૩.** સદર સાહેદ બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં તેઓ પોલીસ સ્ટેશનમાં ગયેલા ત્યારે પોલીસે તેમને બનાવની ટુંકી વિગત જણાવેલી તેવુ કબુલ રાખેલ છે. તેમની આરોપી કે ભોગ બનનાર સાથે કોઇ વાતચીત થયેલી નહી તેવુ કબુલ રાખેલ છે. વધુમાં તમામ પંચનામામાં તેમની સહીઓ પો.સ્ટેશનમાં કરવામાં આવેલી તેવુ કબુલ રાખેલ છે.

**૪૪.** આ સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરતા સૌ પ્રથમ એ બાબત મહત્વની બની રહે છે કે, રાજયમાં સગીર વયના બાળક ઉપર બળાત્કારના કેસમાં પંચ તરીકે રાજયના સરકારી કર્મચારીની મદદ મેળવવા માટે ગુજરાત સરકાર, ગૃહ વિભાગ ધ્વારા ઠરાવ ક્રમાંક વસફ/૧૦૨૦૨૦/૨૭૩૦/ઝ, સચિવાલય, ગુજરાત રાજય તા.૧૦/૧૨/૨૦૨૦ ના રોજ ઠરાવ કરવામાં આવેલ છે જે મુજબ જે શરતો અને કાર્યરીતિ આપવામાં આવેલ છે જેમાં

(૧) સગીર વયના બાળક ઉપર બળાત્કારના કેસો માટે ગુજરાતના તમામ શહેર/જિલ્લાઓના સરકારી કચેરીમાંથી તમામ કર્મચારીઓને પંચ તરીકે લઈ શકાશે.

(૨) આવા કેસોમાં કર્મચારી જયારે સરકારી પંચ તરીકે કામગીરી કરે ત્યારે તે સમય પુરતી તેઓની કામગીરીને ફરજ તરીકે ગણવાની રહેશે અને રજા અહેવાલ મુકવા ફરજ પાડી શકાશે નહી.

(૩)પોલીસ ખાતા ધ્વારા સગીર વયના બાળકો ઉપર બળાત્કારના કેસો માટે જયારે પંચની મદદ માંગવામાં આવતી હોય ત્યારે સર્વે ખાતાના/કચેરીના વડાઓએ તેમના તાબા હેઠળના કર્મચારીઓને પંચ તરીકે કામગીરી માટે અચુક ફાળવી આપવાના રહેશે. આ બાબતમાં કોઈ ચુક રહેશે તો તેને ગંભીર ગણીને કાર્યવાહી કરવામાં આવશે.

**૪૫.** આરોપી તર્ફે બચાવ લીધેલ છે કે ઉપલા અધીકારીના કહેવાથી

પંચમા રહેલ છે, પોલીસ અધિકારીએ સીધો સંપર્ક કરેલ નથી. ઉપરોકત ગુજરાત સરકારશ્રીના પરિપત્ર મુજબ ખાતાના વડાનો સંપર્ક કરવાનો હોય છે અને ખાતાના વડા પંચોની ફાળવણી કરતા હોય છે. તે સંજોગોમાં પોલીસ અધિકારીએ સીધો સંપર્ક કરેલ ન હોય તે સંજોગોમાં પંચનામાની કાર્યવાહી દૂષિત થતી નથી. તે સંજોગોમાં આ સાહેદની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામુ તથા કપડા કબજે કરેલ હોવાનું સાબિત થાય છે.

૪૬. હવે, મોટર સાયકલ કબજે કર્યાના અને આરોપીએ બતાવેલ દુષ્કર્મવાળી જગ્યાના પંચનામાના પંચોનો પુરાવો જોઈએ તો, સાહેદ નં.૦૮ તરીકે નિલેશભાઇ બાબુભાઇ બારીયાને આંક-૨૭ થી તથા સાહેદ નં.૦૯ તરીકે અમરસીંગ ધીરાભાઇ ડામોરને આંક-૩૦ થી તપાસેલા છે. સદર પંચો પંચનામાની હકીકતને સમર્થનકર્તા ન હોય, ફરીયાદ પક્ષે સદર પંચ સાહેદોને ફરી ગયેલ જાહેર કરી તેઓની વિસ્તૃત ઉલટ તપાસ કરવા છતાં ફરીયાદ પક્ષને સમર્થનકર્તા કોઇ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આરોપી તર્ફે બચાવ લીધેલ છે કે પંચો ફરિયાદપક્ષના કેસની હકિકતોને સમર્થન કરતા ન હોય કેસમા શંકા ઉભી થાય છે. સદર કેસનો નિર્ણય માત્ર પંચસાહેદોની જુબાનીના આધારે કરવાનો નથી. સદર પંચસાહેદો આરોપીની મોટરસાયકલ કબજે કર્યાના તથા આરોપીએ ગુનાવાળી જગ્યા બતાવેલ તે પંચનામાના પંચો છે. ભોગ બનનારે ગુનાવાળી જગ્યા બતાવેલ તે પંચ ફરીયાદ પક્ષને કેસને સંપુર્ણ સમર્થન કરે છે. આરોપીએ ગુનાવાળી જગ્યા બતાવેલ તે પંચો સમર્થન કરતા ન હોવા માત્રથી ફરીયાદ પક્ષના કેસને ગંભીર અસર ઉભી થતી નથી. પંચો રુબરુ પંચનામા કરવામા આવેલ હોવાની હકીકતને ત.ક.અમલદાર પોતાની જુબાનીમા સ્પષ્ટપણે જણાવે છે. ત.ક.અમલદારે ખોટા અને ઉપજાવી કાઢેલા પંચનામા બનાવેલ હોવાનો કોઇ બચાવ આરોપી તર્ફે ત.ક.અમલદારની ઉલટતપાસ દરમ્યાન પણ લેવામા આવેલ

નથી. તેવા સંજોગોમા પંચસાહેદો સદર પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોવા માત્રથી ફરીયાદપક્ષના કેસને કોઇ ગંભીર અસર ઉભી થતી નથી.

૪૭. ફરીયાદ પક્ષે રજુ પોલીસ સાહેદના પુરાવામાં **સાહેદ નં.૧૩ તરીકે રવિકુમાર જમુભાઇ ગામીત, પી.આઇ. ઝાલોદ પો.સ્ટેશનનાને આંક–૫૭ થી** તપાસેલા છે. તેઓનો પુરાવો જોવામાં આવે તો તેઓએ તા.૦૩.૧૦.૨૦૨૫ ના રોજ ફરીયાદીના લખાવ્યા મુજબની આંક–૦૭ થી રજુ ફરીયાદ લખી લીધેલ અને તે બાદ આંક–૫૮ વાળુ સુચિપત્ર તૈયાર કરેલુ. સદર સાહેદ બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં ફરીયાદ બે દિવસ વિલંબથી આપવામાં આવેલી અને તા.૦૧.૧૦.૨૦૨૫ ના રોજ ફરીયાદી દ્વારા ૧૧૨ પોલીસ ગાડીને જાણ કરેલ હોય તેવું બનેલ નથી તેવુ કબુલ રાખેલ છે. ફરીયાદ આપવા માટે ફરીયાદી સાથે તેઓના કુટુંબીજનો તથા ભોગ બનનાર પણ પોલીસ સ્ટેશન આવેલ હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં તેઓએ આ કામે ફરીયાદ નોંધ્યા સિવાય અન્ય કોઇ કામગીરી કરેલ નથી તેવુ કબુલ રાખેલ છે.

૪૮. ફરીયાદ પક્ષે રજુ પોલીસ સાહેદના પુરાવામાં **સાહેદ નં.૧૪ તરીકે ગૌરવકુમાર જીવણભાઇ ગામીતને આંક–૫૯ થી તપાસેલ છે.** સદર સાહેદ બનાવ સમયે આઇ.યુ.સી.એ.ડબલ્યુ ખાતે પી.આઇ. તરીકે ફરજ બજાવતા હતા અને સદર ગુનાની તપાસ તેઓએ સંભાળેલી. તેઓએ ભોગ બનનારની મેડીકલ તપાસણી કરાવેલી જેના સર્ટીફીકેટ મેળવી તપાસના કામે સામેલ રાખેલા. ફરીયાદી, ભોગ બનનાર તથા લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. બે સ્વતંત્ર પંચોની હાજરીમાં ભોગ બનનારે બતાવેલ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ અને એફ.એસ.એલ.દાહોદનાઓને સ્થળ પરીક્ષણ અહેવાલ માટે બોલાવેલા. બે સ્વતંત્ર પંચોની હાજરીમાં ભોગ

બનનારે દુષ્કર્મ વખતે પહેરેલ કપડા કબજે કરેલા અને ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર તેમજ શાળાનો દાખલો મેળવવા યાદી કરેલી. બે સ્વતંત્ર પંચોની હાજરીમાં આરોપીએ દુષ્કર્મ વખતે પહેરેલ કપડા કબજે કરેલા. ભોગ બનનારનું બી.એન.એસ.એસ.કલમ–૧૮૩ મુજબના નિવેદન લેવાની કાર્યવાહી કરેલ. બાદ મુદામાલ પરીક્ષણ અર્થે એફ.એસ.એલ.માં રવાનગી નોંધ સાથે મોકલી આપેલ અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલુ. આ સાહેદની જુબાની થકી આંક–૬૦ થી આંક–૬૭ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે. વધુમાં ફરીયાદી તથા સાહેદોના નિવેદનોમાં આરોપી ભોગ બનનારને અપહરણ કરી લઇ જઇ તેની સાથે બળાત્કાર કર્યા અંગેની વિગતો લખાવેલી તેમ જણાવેલ છે.

**૪૯.** સદર સાહેદ બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં ભોગ બનનાર તથા તેના પરીવારના સભ્યોને તેઓએ જથી તારીખે બોલાવેલા તેવુ કબુલ રાખેલ છે. ભોગ બનનારનું મેજીસ્ટ્રેટ રૂબરૂનું નિવેદન ૧૦ મી તારીખે લેવામાં આવેલ તેવુ કબુલ રાખેલ છે. એફ.એસ.એલ. અધિકારીના પરીક્ષણમાં બનાવવાળી જગ્યા ખરબચડી અને પથરાળ હતી અને બનાવવાળી જગ્યાએથી મોટી અને પથ્થર કબજે કરેલા નથી તેવુ કબુલ રાખેલ છે. આક્ષેપીત જગ્યાથી ૩૦૦ મીટર દુર કાચુ નળીયાવાળુ મકાન આવેલ છે જે પહેલેથી બંધ હાલતમાં હતુ તેવુ કબુલ રાખેલ છે. બનાવવાળી જગ્યા ડુંગરાળ વિસ્તાર છે અને આજુબાજુ ખેતીકામ થયેલ હતુ અને આજુબાજુ ખેતીકામ કરતા કોઇ વ્યકિતના નિવેદન આ કામે લેવામાં આવેલ નથી.વધુમાં ભોગ બનનારના કપડા ફાટી ગયા હોય તેવુ તપાસમાં આવેલ નથી તેમ કબુલ રાખેલ છે. તપાસના કામે ચલણી નાણાં સંદર્ભેનો કોઇ ઉલ્લેખ થયેલ નથી કે તપાસના કામે ચલણી નોટ મેળવેલ નથી તેવુ કબુલ રાખેલ છે. મેડીકલ તપાસણી સમયે ભોગ બનનારને મોકલતા સમયે યાદીમાં સંક્ષિપ્ત વિગતો લખવામાં આવે છે તેમજ આંક–૩૨ ની

યાદીમાં ડૉકટર પાસેથી દુષ્કર્મ સંદર્ભેનો રીપોર્ટ માંગેલ નથી. વધુમાં સદર સાહેદે તમામ પંચનામા જાતે તૈયારી કરી તૈયાર પંચનામામાં પંચોની સહી લેવામાં આવેલી, ભોગ બનનારનું નિવેદન ફરીયાદીને અનુરૂપ જાતે લખી લીધેલુ અને હાલની તપાસ ફરીયાદીના દબાણવશ આરોપી ઉપર ખોટા આક્ષેપો કરી, આરોપીને ખોટી રીતે હાલના ગુનાના કામે સંડોવી ખોટી ચાર્જશીટ કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે.

**૫૦.** ઉપરોકત તપાસ કરનાર અમલદારનો પુરાવો જોવામા આવે તો તેઓએ તેમની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહીનો વિસ્તૃત પુરાવો રજુ રાખેલ છે. તપાસ કરનાર અમલદારના પુરાવા થકી આંક–૬૦ થી આંક–૬૭ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે. સદર પોલીસ સાહેદો કે જેઓએ પોતે કરેલ કામગીરી અંગેની વિસ્તૃત છણાવટ કરતી જુબાની રજુ રાખેલ છે, તેમાં એવી કોઈ મહત્વની ક્ષતિ કે ખામી હોવાનું રેકર્ડ ઉપરના પુરાવાથી જણાઈ આવતુ નથી કે જેથી પ્રોસીકયુશનના મુળ કેસને અસર કરતા હોય. વળી ભોગ બનનારના પુરાવાને પોલીસ સાહેદોના પુરાવાથી પુષ્ટી મળે છે. ત.ક.અ. નો સમગ્ર પુરાવો જોવામાં આવે તો બચાવ પક્ષ તરફથી કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. વધુમાં ત.ક.અ. ધ્વારા તપાસમાં કોઇ ખામી કે ક્ષતી રાખવામાં આવેલ હોય એટલે કે **Faulty Investigation or Defective Investigation** હોય તો તેનો લાભ આરોપીને મળી શકે નહી. જયારે ભોગ બનનારનો પુરાવો સ્પષ્ટ રીતે **creditworthy, reliable and trustworthy** હોય તેમજ આ હકીકત ભોગ બનનારના પુરાવા થકી પુરવાર થયેલ હોય ત્યારે જે હકીકત એક વખત પુરવાર થયેલ હોય તેને ફરીથી અન્ય સાહેદના પુરાવા થકી પુરવાર કરવાની જરૂરી નથી. આ તબકકે ભારતીય સાક્ષ્ય અધીનિયમ કલમ ૧૩૯ ધ્યાને લેતા કોઇ હકિકતની સાબિતિ માટે સાહેદોની અમુક સંખ્યા આવશ્યક નથી. આગળ ચર્ચા

કર્યા પ્રમાણે ભોગ બનનારના પુરાવા સંદર્ભે કોઈપણ પ્રકારની વિરુધ્ધની ખાસ ફળદાઇ હકીકત રેકર્ડ ઉપર ઉપસ્થિત કરવામાં આવેલ નથી. ભોગ બનનારે અદાલત સમક્ષ જે સોગંદ ઉપર પુરાવો આપેલ છે તેમાં શંકા ઉપસ્થિત થાય તેવી કોઇ હકીકત બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવેલ નથી. વધુમાં, બચાવ પક્ષે એવી પણ તકરાર નથી કે પોલીસ સાહેદોને આરોપી સામે કોઇ વેરભાવ કે દ્વેષ કે મનદુઃખ કે દુશ્મનાવટ હોય તેવી કોઇ માનવાલાયક હકીકત રેકર્ડ ઉપર ઉપસ્થિત કરેલ નથી. માત્ર ખોટો કેસ કરેલ છે તેવી તકરાર માત્રથી તપાસ કરનાર અમલદાર ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને શંકાસ્પદ માની શકાય નહી. સ્થાપિત સિધ્ધાંતો મુજબ પોલીસ અધિકારી એ પણ એક સાહેદ છે તેના પુરાવા પર આધાર રાખીને પણ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. આ કાયદાકીય પરીસ્થીતીને ધ્યાનમાં લેતા તપાસમા ખામી રાખવામાં આવેલ હોય ત્યારે તપાસ કરનાર અમલદારની ભુલના કારણે ભોગ બનનારનો પુરાવો માનવાલાયક પુરાવો ફગાવી દઈ શકાય નહી પરંતુ હાલના કામે તપાસ કરનાર અમલદારની કોઇ ખામી કે ભુલ પણ જણાઇ આવતી નથી તેવા સંજોગોમા ત.ક.અમલદારની જુબાનીથી પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન મળે છે.

**૫૧.** બચાવપક્ષ તરફથી મુખ્ય બચાવ લેવામા આવેલ છે કે ભોગ બનનાર બાઇક ઉપરથી પડી જવાથી તેની નુકશાનીનો ખર્ચ આરોપી તરફથી ના આપતા હાલની ખોટી ફરીયાદ કરવામાં આવેલ છે તેવી તકરાર લીધેલ છે અને આ બાબતે ફરીયાદી, ભોગ બનનારના માતા-પિતા અને ભોગ બનનારને ઉલટ તપાસમાં પુછવામાં આવેલ છે પરંતુ તે હકિકત તમામ સાહેદોએ સ્પષ્ટપણે નકારી કાઢેલ છે. બચાવ પક્ષ તરફે ખરેખર આવો કોઇ બનાવ બનેલ હોવા અંગેનો કોઇ ચોકકસ અને ઠોસ પુરાવો રજુ કરેલ નથી. આરોપીના બાઇક ઉપરથી કયારે અને કેવી રીતે પડી ગયેલ અને તે બાબતે શું તકરાર થયેલી તે

અંગેનો ચોકકસ અને માનવાલાયક પુરાવો રજુ કરવો જરૂરી છે, માત્ર મૌખિક તકરાર લેવાથી પોકસો એકટની **કલમ–૨૯ અને કલમ–૩૦** અન્વયે કાયદાકીય અનુમાનનું ખંડન થયેલ છે તેવું માની શકાય નહી અને આવી મોઘમ તકરારથી ભોગ બનનારનો માનવાલાયક પુરાવામાં શંકા ઉપસ્થીત થાય તેવું માની શકાય નહી. બચાવ પક્ષ તરફે આ તકરાર બાબતે કોઇ સાહેદોને તપાસેલા નથી કે કોઇ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી. જેથી પાછળથી આ તકરાર બનાવ સંદર્ભે ઉભી કરેલ હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે. આમ, બચાવ પક્ષ તરફે પોકસો એકટની **કલમ–૨૯ અને કલમ–૩૦** અન્વયે કાયદાકીય અનુમાનનું ખંડન કરતો પ્રોબેબલ પુરાવો રજુ કરવામાં નિષ્ફળ રહેલ છે.

**૫૨.** આરોપી તર્ફે અન્ય દલીલ કરેલ છે કે જ્યારે સગીર ઉપર બળાત્કાર થયેલ હોવાનો આક્ષેપ હોય અને આરોપીના પ્રાઇવેટ પાર્ટ ઉપર ઈજાના નિશાન જણાતા ન હોય ત્યારે ફરીયાદપક્ષના કેસમા શંકા ઉભી થાય છે. આરોપી તર્ફે પોતાની આ દલીલના સમર્થનમાં **નામદાર ગુજરાત હાઇકોર્ટે ૧૯૯૬(૧) જી.એલ.એચ. પેજ નં.૯૧૯** ઉપર પ્રસિધ્ધ થયેલ **સ્ટેટ ઓફ ગુજરાત વિ. મોહનલાલ ઉર્ફે મુન્નો ઉસ્માનભાઇ ચૌહાણ**નો ચુકાદો રજુ કરેલ છે. સદર ચુકાદામા નામદાર ગુજરાત હાઇકોર્ટે નોંધેલ છે કે ભોગબનનારે ડોકટર સાહેદને અલગ જ કેસ હિસ્ટ્રી જણાવેલ હતી તેમજ ભોગ બનનાર તથા તેઓના માતાપિતાની જુબાની પણ માનવાલાયક ન હોય અને ફરીયાદપક્ષના કેસમા શંકા ઉભી થતી હોય ત્યારે આરોપીના પ્રાઇવેટ પાર્ટ ઉપર ઈજાના નિશાન જણાતા ન હોવાથી ફરીયાદપક્ષના કેસમા શંકા ઉભી થતી હોવાનુ નોંધેલ છે. જ્યારે હાલના કેસમા ભોગ બનનાર તથા અન્ય સાહેદોની જુબાની સંપુર્ણ માનવાલાયક જણાય છે. બચાવપક્ષ તમામ સાહેદોની જુબાનીમાં કોઇ વિરુધ્ધની હકિકતો બહાર કઢાવી શકેલ નથી, તેવા સંજોગોમા આરોપીના પ્રાઇવેટ પાર્ટ

ઉપર ઈજાના નિશાન જણાતા ન હોવા માત્રથી ફરીયાદપક્ષના કેસમા શંકા ઉભી થતી નથી, જેથી બચાવપક્ષની આ દલીલ ગ્રાહ્ય રાખવા પાત્ર જણાતી નથી.

**૫૩.** નોંધનીય છે કે, આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમા આરોપીએ તેઓ સામે ફરીયાદ પક્ષ દ્વારા નાણાં પડાવવા ખોટા આક્ષેપો કરી, ખોટી ફરીયાદ કરી હાલના ગુનામાં સંડોવી દીધેલ હોવાનું જણાવેલ છે. પરંતુ તે સિવાય ખાસ કોઈ મહત્વનો બચાવ રેકર્ડ ઉપર ઉપસ્થિત કરી શકેલ નથી કે જેથી પ્રોસીકયુશનનો કેસ શંકાસ્પદ બને. આમ, આરોપી પક્ષ તરફથી પોકસો એકટની **કલમ ૨૯ અને કલમ ૩૦** અન્વયે કાયદાકીય અનુમાનનુ ખંડન થાય તેવો કોઈ માનવાલાયક પુરાવા રેકર્ડ ઉપર ઉપસ્થિત કરવામાં નિષ્ફળ રહેલ છે.

**૫૪.** વધુમા આરોપી વિરુધ્ધ બીએનએસ કલમ– ૧૩૭(૨) મુજબના ગુનાનું પણ તહોમત છે. ઉપરોક્ત ચર્ચા કરી તે મુજબ ભોગ બનનાર સગીર વયના છે અને આરોપી બનાવ સમયે ભોગ બનનારને પોતાની મોટર સાયકલ પર બેસાડી તેણીના કાયદેસરના વાલીની સંમતિ વગર બનાવ સ્થળે લઈ ગયેલ છે અને દુષ્કર્મ કરી ઈજા પહોચાડી જાનથી મારી નાંખવાની ધમકી પણ આપેલ છે. આરોપી તર્ફે બચાવ લીધેલ છે કે આરોપીએ ભોગ બનનારનું અપહરણ કરેલ નથી. રેકોર્ડ જોતા આરોપીએ ભોગ બનનારને મોટર સાયકલ પર બેસાડી બનાવ સ્થળે લઈ ગયેલ છે. જો ભોગ બનનાર પોતાની સંમતિથી બેસેલ હોય તો પણ ભોગ બનનાર ૧૮ વર્ષથી નાની બાળક હોય ત્યારે તેણીની સંમતી કાયદેસરની સંમતી ગણી શકાય નહી અને તે સમયે ભોગ બનનાર તેના માતાપિતાના કાયદેસરના વાલીપણામા હતી અને આરોપીએ સંમતિ વગર ભોગ બનનારનો

કબજો ખસેડેલ છે. આ તબ્કકે નામદાર ગુજરાત હાઈકોર્ટનો **Ram Suhani Ram Subhay Bachusihani Maria Versus State of Gujarat reported in 2008 (3) GLH 756** નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી છે, જેમા નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠેરવેલ છે કે "When the victim is minor then her consent is immaterial even if the relationship was consensual." હાલના કામે પણ ભોગ બનનાર સગીર છે જેથી જો તેની સમંતિ હોય તો પણ તેની સમંતિ કાયદેસરની સમંતિ ગણી શકાય નહી.

૫૫. આ અનુસંધાને નામદાર ગુજરાત હાઈકોર્ટનો નીચે મુજબનો ચુકાદો જેનો રેલેવન્ટ પેરા નંબર ૪૩ રિ–પ્રોડ્યુસ કરવો જરુરી છે તેમા ઠરાવેલ છે કે ભોગ બનનાર ની સંમતી એ સંમતી ગણી શકાય નહી.

Crimina appeal no. 122 of 1996 with Criminal Appeal no. 25 of 1996 decided on 17-1-2020, in the case of State of Gujarat Versus Rameshchandra Ramabhai Panchal, the Hon'ble Gujarat High Court has observed,

Para 43 : Section 361 IPC reads :

xxxxx

The object of this section seems as much to protect the minor children from being seduced for improper purpose as to protect the rights and privileges of guardians having the lawful charge or custody of their minor wards. The gravamen of this offence lies in the taking or enticing of a minor under the ages specified in this section, out of the keeping of the lawful guardian without the consent of such guardian. The words " takes or entices any minor...... out of the keeping of the lawful guardian of such minor" in section 361, are significant. The use of the word "Keeping" in the context connotes the idea of charge, protection, maintenance and

control; further the guardian's charge and control appears to be compatible with the independence of action and movement in the minor, the guardian's protection and control of the minor being available, whenever necessity arises. On plain reading of this section, the consent of the minor who is taken or enticed is wholly immaterial; it is only the guardian's consent which takes case out of its purview. Nor it is necessary that the taking or enticing must be shown to have been by means of force or fraud. Persuasion by the accused person which creates willingness on the part of the minor to be taken out of keeping of the lawful guardian would be sufficient to attract the section.

આમ, ઉપરોક્ત ચર્ચા કરી તે મુજબ બીએનએસ કલમ –૧૩૭(૨), ધ્યાને લેતા આરોપીએ ભોગ બનનારની મરજીથી કે મરજી વિના તેણીના કાયદેસરના વાલીપણામાથી લઇ ગયેલ હોવાનું પુરવાર કરેલ છે.

**૫૬.** આમ, ઉપરોકત વિગતવારની ચર્ચાના અંતે આ અદાલત પુખ્ત વિચારણાના અંતે એવા નિષ્કર્ષ પર આવે છે કે, ફરીયાદીની ભોગ બનનાર પૌત્રી કે જેની બનાવ સમયે ઉંમર **૧૨ વર્ષ, ૧૧ માસ, ૧૪ દિવસની** છે તેણીને આ કામના આરોપીએ ''તારા બાપાને ઓળખુ છું, મારી મોટર સાયકલ ઉપર બેસી જા, તને તારા ઘરે છોડી દઇશ'' તેમ જણાવી મોટર સાયકલ ઉપર બેસાડી કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી થોડે દુર લઇ જઇ, મોટર સાયકલ ઉપરથી નીચે ઉતારી, ભોગ બનનારને પથ્થર ઉંચકવાનો છે, તું મારી સાથે ચાલ તેમ કહેતાં ભોગ બનનારે તેની સાથે જવાની ના પાડતા તેણે ભોગ બનનારને જબરજસ્તીથી રોડ ઉપરથી હાથે પકડી ખેંચી થોડે આગળ કુવાવાળા ખેતરના કોતર બાજુ લઇ જઇ બંને હાથ પકડી પાડી અને બુમ પાડીશ તો મારી નાંખીશ તેમ કહી નીચે પાડી

દઈ મોઢુ દબાવી રાખી લેગીશ કાઢી નાંખી પેશાબના ભાગે ખરાબ કામ (દુષ્કર્મ) કરી, કમર તથા બરાડાના ભાગે ઈજાઓ પહોંચાડી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૪(૧), ૬૫(૧), ૧૩૭(૨), ૧૧૫(૨), ૩૫૧(૩) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૪, ૬ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓમા તકસીરવાન ઠેરવવામા આવે છે અને આરોપીને સજા ફરમાવતા પહેલા સાંભળવા જરુરી હોય સજાના મુદે આરોપીને સાંભળવા પર કામ મુલતવી રાખવામા આવે છે.

આ ચુકાદો આજરોજ તારીખઃ૧૪મી, માહે–જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૪.૦૭.૨૦૨૬**
સ્થળ: દાહોદ

**( હેમુ પ્રિતેશ પટેલ)**
સ્પેશ્યલ જજ(પોકસો) અને
ચોથા એડીશ્નલ સેશન્સ જજ
દાહોદ–GJ00992

## <u>સજાના મુદા સંદર્ભે વધુ આદેશ</u>

**૫૭.** સજાના મુદ્ધા સંદર્ભે આરોપીની રૂબરૂમા રજુઆત સાંભળી તેમજ આરોપીના વિ. વ. શ્રી એસ.વી.મલેક નાઓની રજુઆત સાંભળી. વિ.વ.શ્રી તરફથી એવી રજુઆત કરવામાં આવેલ છે કે આરોપી કુટુંબમાં એકમાત્ર કમાનાર વ્યકિત છે તેમજ કુટુંબની ભરણપોષણની જવાબદારી છે તેમજ ફરીયાદીએ દ્રેષભાવ રાખી હાલની ફરીયાદ કરેલ હોય આરોપીને કાયદામાં ઠરાવેલ ઓછામાં ઓછી કરવા વિનંતી કરેલ છે.

**૫૮.** જયારે વિ.એ.પી.પી.શ્રી લાલપુરવાલાનાઓ તરફથી એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ભોગ બનનાર **૧૨ વર્ષ, ૧૧ માસ, ૧૪ દિવસની** હતી અને આરોપી પોતે ૩૪ વર્ષનો ઉમરલાયક વ્યક્તિ છે. ભોગ બનનાર સગીર વયની છે તેવુ જાણતો હતો અને માનતો હતો તેમ છતાં સગીરને લલચાવી તારા બાપાને ઓળખૂ છુ તેમ કહી તેણીને ઘરે મુકી જશે તેમ જણાવી જબરદસ્તી કરી ઈજા પહોચાડી દુષ્કર્મ કરી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ છે. વધુમાં દિન પ્રતિદિન આવી નાની વયની બાળાઓની સાથે બળાત્કાર અને જાતીય સતામણીના કિસ્સાઓનુ પ્રમાણ વધી રહેલ છે. સમાજમાં સંદેશો પહોંચે અને દાખલો બેસે તે હેતુ સારુ આરોપીને કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા અને દંડ તથા ભોગ બનનારને યોગ્ય રકમનુ વળતર ચુકવવા અરજ ગુજારેલ છે.

**૫૯.** ઉભય પક્ષકારોની રજુઆત સાંભળી. પ્રસ્તુત કેસમાં આરોપીને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૬૪(૧), ૬૫(૧), ૧૩૭(૨), ૧૧૫(૨), ૩૫૧(૩) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૪, ૬ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવેલ છે. ઉભય પક્ષકારો તરફથી

કરવામાં આવેલ રજુઆતો, સજા બાબત, કાયદાકીય પ્રસ્થાપિત સજાનો હેતુ, આ પ્રકારનો ગુનો અટકે અને સમાજમાં બાળાઓ સુરક્ષિત રહી શકે તે જોવાની અદાલતની પવિત્ર ફરજ બની રહે છે તે સંજોગોમાં આરોપીને બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ-૪૦૧ નો લાભ મળી શકે નહી. આ કામના આરોપીએ ભોગ બનનારની સાથે પ્રવેશ જાતીય હુમલો તથા ગંભીર પ્રવેશ જાતીય હુમલો કરેલ અને બળાત્કાર કરેલ હોવાની હકીકત નિઃશંકપણે પુરવાર થયેલી હોય ત્યારે આરોપીને કાયદામાં ઠરાવેલ યોગ્ય તે સજા કરવી તે અદાલતની ફરજ બની રહે છે. પ્રસ્તુત પ્રકરણમાં આરોપી પોતે ૩૫ વર્ષનો પુખ્ત અને આધેડ વયનો પુરુષ છે અને ભોગ બનનાર માત્ર **૧૨ વર્ષ, ૧૧ માસ, ૧૪ દિવસની** છે અને તેણી સગીર વયની છે તેવી હકીકત જાણતો હોવા છતા આવી સગીર દીકરીને ઘરે છોડી જશે તેવી લાલચ આપી મોટરસાયકલ પર બેસાડી ભોગ બનનારની નાની ઉમરનો ગેરલાભ ઉઠાવેલ છે. વળી સમાજમાં દિન પ્રતિદિન કુમળી વયની બાળાઓ સાથે શારીરિક જાતીય સતામણી અને બળાત્કારના કિસ્સાઓના પ્રમાણમાં આંખે ઉડીને વળગે તેવો વધારો થઈ રહેલ છે. જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ અધિનિયમ ૨૦૧૨નો મુખ્ય આશય આવા જાતીય શોષણ સામે બાળકોને રક્ષણ પુરૂ પાડવાનો છે. તેથી આરોપીને સજા ફરમાવતી વખતે કાયદાનો મુખ્ય આશય આરોપી તરફથી રજુ થયેલ એગ્રેવેટીવ અને મીટીગેટીંગ સંજોગોને ધ્યાનમાં રાખીને સાથે નામદાર સર્વોચ્ચ અદાલતના સંખ્યાબંધ ચૂકાદાઓથી સજા સંદર્ભેની માર્ગદર્શિકાઓ આપવામાં આવેલી છે તે ધ્યાનમાં રાખીને આક્ષેપોને સુસંગત યોગ્ય સજા કરવાની રહે છે.

**૬૦.** અત્રે નોંધવું જરૂરી છે કે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૬૪(૧) ની જોગવાઇ ધ્યાને લેતા ૧૦ વર્ષથી ઓછી ન હોય તેવી પરંતુ આજીવન કેદ સુધીની સજાની જોગવાઇ છે. જ્યારે ભારતીય

ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૬૫(૧) ની જોગવાઇ ધ્યાને લેતા જે કોઇ સોળ વર્ષથી ઓછી ઉમરની સ્ત્રી પર બળાત્કાર કરે છે તેને વીસ વર્ષથી ઓછી ન હોય તેવી સખત કેદની સજા થશે, પરંતુ જે આજીવન કેદ સુધી વધી શકે છે, જેનો અર્થ તે વ્યક્તિના કુદરતી જીવનના બાકીના સમય માટે કેદ થશે અને તે દંડને પણ પાત્ર થશે.

હાલના કામની ભોગ બનનાર ૧૬ વર્ષથી નીચેની સ્ત્રી છે. જેથી પોકસો એકટની કલમ– ૪(૨) વંચાણે લેતા જે કોઇ સોળ વર્ષથી ઓછી ઉમરના બાળક પર જાતીય્ર હુમલો કરે છે તેને વીસ વર્ષથી ઓછી ન હોય તેવી કેદની સજા થશે, પરંતુ જે આજીવન કેદ સુધી વધી શકે છે, જેનો અર્થ તે વ્યક્તિના કુદરતી જીવનના બાકીના સમય માટે કેદ થશે અને તે દંડને પણ પાત્ર થશે. વધુમા પોકસો એકટ કલમ ૬ અંગે સજાની જોગવાઈ જોવામાં આવે તો ગંભીર પ્રવેશ જાતીય હુમલા માટે ઓછામાં ઓછી ૨૦ વર્ષની સજાની જોગવાઇ કરવામાં આવેલી છે. કલમ– ૪(૩) તથા ૬(૨) મુજબ, લાદવામાં આવેલ દંડની રકમ ન્યાયી અને વ્યાજબી હોવી જોઇશે અને તેવી રકમ ભોગ બનનારના તબીબી ખર્ચ અને તેના પુનઃવસનની પુર્તી માટે ચુકવવામાં આવશે તેવું પ્રાવધાન છે. બાળકોને જાતિય સતામણિથી રક્ષણ આપતા કાયદો–૨૦૧૨ ની કલમ–૪૨ ની જોગવાઈ ધ્યાને લેતા હાલમાં અમલમાં હોય તેવા સમાવિષ્ટ હોય તેમ છતા દોષિત ઠરાવેલ ગુનેગાર આ અધિનિયમ હેઠળ અથવા ભારતીય ન્યાય સંહિતાના ગુનામા ઠરાવેલ શિક્ષામાથી જે શિક્ષા વધુ હોય તેવી શિક્ષા થશે. આમ, આ બંને કાયદાકીય જોગવાઈઓની સાથે પોકસો એકટની કલમ ૪૨ ને ધ્યાનમાં રાખતા હાલના કિસ્સામાં આરોપીને પોકસો એકટની કલમ ૪, ૬ તથા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૬૪(૧) **તથા ૬૫(૧)** ના ગુના સબબ મહત્તમ સજાની જોગવાઈ હોય તે સબબ એકસાથે સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ ઈષ્ટ થશે તેવુ મને જણાય છે અને તેથી આ ચારેય ગુનાની સજા એકસાથે કરવામાં આવે છે. પ્રસ્તુત

કેસમાં આરોપીની ઉમર, આરોપીની પરિવારની જવાબદારી તેમજ આરોપી પક્ષ તરફે રજુ કરેલ Aggravating and Mitigating સંજોગો ધ્યાને લેતા કાયદામાં ઠરાવેલ ઓછામા ઓછી સજા કરવાનો કોઇ વિકલ્પ અત્રેની અદાલત પાસે ઉપલબ્ધ ન હોવાનું આ અદાલતનું માનવું છે અને તે સંજોગોમાં તમામ બાબતો ધ્યાને રાખી કાયદામાં ઠરાવેલ ઓછામા ઓછી સજા ફરમાવવામાં આવે તો ન્યાયનો હેતુ ઇષ્ટ થશે તેમ આ અદાલતનું માનવું છે.

**૬૧.** અત્રે નોંધવું જરૂરી છે કે બાળકોને જાતિય સતામણીથી રક્ષણ આપતા કાયદાની કલમ-૩૩(૮) સાથે નિયમ-૭ અન્વયે આ અદાલતને ખાસ અદાલત તરીકે ડેઝીગ્નેટેડ કરવામાં આવેલ છે. ભોગ બનનારને વળતર ચુકવી આપવું ન્યાયોચિત જણાય છે. ભોગ બનનાર સાથે આરોપીએ ગંભીર પ્રવેશ જાતિય હુમલો કરી બળાત્કાર કરેલ છે. જેથી કરીને ભોગ બનનાર અને તેના પરિવારજનોને માનસિક આઘાત લાગેલ છે. વળી, બળાત્કાર મૃત્યુ પર્યંત એક કાળો ડાઘ (સ્કાર) બનીને ભોગ બનનારના માનસ પટલ ઉપર રહે છે અને ભોગ બનનારને તેમજ તેના પરિવારજનોને માનસિક યાતના ભોગવવી પડેલ છે તે ધ્યાને લેતા ભોગ બનનારને વળતર પેટે રૂ.૪,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ પુરા) ચુકવી આપવા એ યોગ્ય, વાજબી, ઉચિત હોવાનું આ અદાલતનું માનવું છે સાથે સાથે એ પણ નોંધવું ઘટે કે ભોગ બનનાર કે તેના પરિવારજનોને સરકારશ્રીની કોઇપણ યોજના અન્વયે જો કોઇ વળતર પ્રાપ્ત થયેલ હોય તો તે રકમ આ વળતરની રકમમાંથી મજરે ગણવાની રહેશે. જે સબબ ન્યાયના હિતમાં ઉપરોકત મુદા નં.૩ નો જવાબ ઉપરોકત પ્રમાણે કરી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

## **<u>--// આખરી હુકમ // --</u>**

**૧.** આથી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા(બી.એન.એસ.એસ.) ૨૦૨૩ ની કલમ-૨૫૮(૨) અન્વયે આ કામના આરોપી સુરેશભાઇ ઉર્ફે લાલાભાઇ બાબુભાઇ ભેદી, રહે.હિરોલા, તળાવ ફળીયુ, તા.સંજેલી, જી.દાહોદનાઓને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૬૪(૧), ૬૫(૧), ૧૩૭(૨), ૧૧૫(૨), ૩૫૧(૩) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ-૨૦૧૨ની કલમ-૪ તથા ૬ મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે.

**૨.** આ કામના આરોપી સુરેશભાઇ ઉર્ફે લાલાભાઇ બાબુભાઇ ભેદી, રહે.હિરોલા, તળાવ ફળીયુ, તા.સંજેલી, જી.દાહોદનાઓને જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ અધિનિયમ ૨૦૧૨ ની કલમ-૫(આઇ) સાથે વાંચતા કલમ-૬ તેમજ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૬૪ (૧) તથા ૬૫(૧) મુજબના ગુના સબબ ૨૦ (વીસ વર્ષની) સખત કેદની સજા અને રૂા.૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો વધુ છ (૦૬) માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. સદર દંડની રકમમાંથી રૂા.૪૫,૦૦૦/- (અંકે રૂપિયા પીસ્તાલીસ હજાર પુરા) ભોગ બનનારને વળતર પેટે ચુકવવાનો હુકમ કરવામાં આવે છે

**3.** આ કામના આરોપી સુરેશભાઇ ઉર્ફે લાલાભાઇ બાબુભાઇ ભેદી, રહે.હિરોલા, તળાવ ફળીયુ,તા.સંજેલી,જી.દાહોદનાઓને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૩૫૧(૩) મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી ૦૨(બે) વર્ષની સખત કેદની સજા અને રૂ.૧,૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ કરવામાં આવે

છે અને જો દંડ ન ભરે તો વધુ ત્રણ (૦૩) માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૪. આ કામના આરોપી સુરેશભાઈ ઉર્ફે લાલાભાઈ બાબુભાઈ ભેદી, રહે.હિરોલા, તળાવ ફળીયુ,તા.સંજેલી,જી.દાહોદનાઓને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૧૩૭(૨) મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી ૦૫(પાંચ) વર્ષની સખત કેદની સજા અને રૂ.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ ત્રણ (૦૩) માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૫. આ કામના આરોપી સુરેશભાઈ ઉર્ફે લાલાભાઈ બાબુભાઈ ભેદી, રહે.હિરોલા, તળાવ ફળીયુ,તા.સંજેલી,જી.દાહોદનાઓને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨) મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી ૦૬(છ) માસની સખત કેદની સજા અને રૂ.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ એક (૦૧) માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૬. આ કામના આરોપી સુરેશભાઈ ઉર્ફે લાલાભાઈ બાબુભાઈ ભેદી, રહે.હિરોલા, તળાવ ફળીયુ,તા.સંજેલી,જી.દાહોદનાઓને જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ અધિનિયમ ૨૦૧૨ ની કલમ–૬ તથા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ– ૬૪(૧) તથા ૬૫(૧) અન્વયે મેજર ગુનામાં સજા ફરમાવેલ હોય સદર કાયદાની કલમ– ૪ મુજબના ગુનામાં અલગથી કોઈ સજા કરવાનો હુકમ કરવામાં આવતો નથી.

૭. બી.એન.એસ.એસ.ની કલમ–૪૬૭ મુજબ આરોપીએ તમામ સજાઓ એક સાથે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

ચોથા અધિક સત્ર ન્યાયાધીશ અને
સ્પે. પોકસો જજ, દાહોદ

૮. બી.એન.એસ.એસ.ની કલમ–૪૬૮ મુજબ આરોપીએ જેટલો સમય કાચા કામના કેદી તરીકે જેલમાં ભોગવેલ હોય તે સમય મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

૯. આ ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૮ અન્વયે અપિલ સમય પુરો થયેથી ક્રિમિનલ મેન્યુઅલની જોગવાઈ અનુસાર નિકાલ કરવો અને જો અપિલ થાય તો નામ. અપિલ અદાલતના હુકમ મુજબ વર્તવું.

**૧૦.** બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૪ મુજબ આ ચુકાદાની એક નકલ આરોપીને તાત્કાલિક વિનામુલ્યે પુરી પાડવાનો હુકમ કરવામાં આવે છે.

**૧૧.** ગુજરાતની ભોગ બનનારને વળતર માટેની યોજના, ૨૦૧૯ ના નિયમો તથા શીડયુલના અનુક્રમ નંબર–૩ તેમજ નિયમ–૯(૫) અન્વયે રૂા.૪,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા ચાર લાખ પુરા) વળતર તરીકે ચુકવવા.

**૧૨.** ગુજરાતની ભોગ બનનારને વળતર માટેની યોજના ૨૦૧૯ નાં નિયમોના નિયમ ૧૦ અનુસાર આ ચુકાદાની એક ખરી નકલ ઝાલોદ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૮૨૧૦૩૦૨૫૧૪૨૮/૨૦૨૫ ના તપાસ કરનાર અમલદાર તથા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ જિલ્લા ન્યાયાલય દાહોદને જાણ સારુ તથા યોગ્ય તે કાર્યવાહી માટે આ હુકમની એક નકલ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**૧૩.** ભોગ બનનારને આ ગુનાના અનુસંધાને અગાઉ જોઈ કોઈ વળતર ચુકવવામાં આવેલ હોય તો તે રકમ આ વળતરમાથી બાદ કરવી.

**૧૪.** બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૬ અન્વયે આ હુકમની એક નકલ જીલ્લા મેજીસ્ટ્રેટ, દાહોદનાઓને જાણ થવા સારુ મોકલી આપવી.

**૧૫.** આરોપી હાલ જયુડીશીયલ કસ્ટડીમાં હોય, આરોપીને ફરમાવેલ સજા અંગેનું સજા વોરંટ ભરી જેલ ઓથોરીટી સમક્ષ મોકલી આપવું.

આ ચુકાદો આજરોજ તારીખઃ૧૪મી, માહે–જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૪.૦૭.૨૦૨૬**
સ્થળ: દાહોદ

**( હેમુ પ્રિતેશ પટેલ)**
સ્પેશ્યલ જજ(પોકસો) અને
ચોથા એડીશ્નલ સેશન્સ જજ
દાહોદ–GJ00992